# સચિત્ર સાર્થ
# સામાયિક-ચૈત્યવંદન



જૈન સાહિત્ય વિકાસ મંડળ·મુંબઈ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## સચિત્ર—સાર્થ

# સામાયિક-ચૈત્યવંદન

### પ્રબોધટીકાનુસારી

શબ્દાર્થ, અર્થસંકલના તથા સૂત્રપરિચય સાથે

પ્રકાશક :

**જૈન સાહિત્ય વિકાસ મંડળ**

ઇરલા, વીલેપારલે. :: મુંબઈ–૫૬ [A.S.]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકાશક :
સુબોધચંદ્ર નાનાલાલ શાહ
મંત્રી
જૈન સાહિત્ય વિકાસ મંડળ
૧૧૨, સ્વામી વિવેકાનંદ રોડ,
ઇરલા, વીલેપારલે : : મુંબઈ ૫૬ [A.S.]

દ્વિતીય આવૃત્તિ
નકલ ૨૦૦૦
**મૂલ્ય રૂા. ૧–૨૫**
વિ. સં. ૨૦૨૪
સર્વ હક્ક સ્વાધીન :

મુદ્રક :
ધૈર્યકુમાર સી. શાહ
આશા પ્રિન્ટર્સ
૧૦૮/કેશવજી નાયક રોડ,
મુંબઈ ૯. (B. R.)

અમારાં પ્રકાશનો મેળવવાનાં સ્થાન :

૧ **મોતીલાલ બનારસીદાસ,**
બંગલો રોડ, જવાહરનગર, દિલ્હી–૭.

૨ **સરસ્વતી પુસ્તક ભંડાર,**
રતનપોળ, હાથીખાના, **અમદાવાદ.**

૩ **મેઘરાજ પુસ્તક ભંડાર,**
૨૨૦, કીકા સ્ટ્રીટ, મુંબઈ–૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પ્રકાશકીય નિવેદન

આજથી ૧૬ વર્ષો પૂર્વે જૈન સાહિત્ય વિકાસ મંડળે શ્રી પંચ પ્રતિક્રમણસૂત્ર પ્રબોધટીકાનુસારી બહાર પાડી તેની હજારો નકલો છપાવી સકલ શ્રીસંઘમાં તેનો પ્રચાર કર્યો હતો અને શ્રીસંઘે તેનો અતિઆદર પૂર્વક સ્વીકાર કર્યો હતો.

આ શુદ્ધસંકલને ઘણી ઘણી અશુદ્ધિઓનું પરિમાર્જન કર્યું હતું, વર્ષોથી પ્રતિક્રમણસૂત્રોમાં દાખલ થઈ ગયેલી અશુદ્ધિઓને જહેમતભર્યા સંશોધનને અંતે દૂર કરી હતી અને તદનુસાર સૂત્રોના અર્થોને સુસંગત બનાવ્યા હતા. આ બધી તેની સુવિશેષતાઓ હતી.

આ પુસ્તકમાંથી સામાયિક અને ચૈત્યવંદનનો ભાગ જુદો પાડી તેને સસ્તી કિંમતે આપવામાં આવે તો ધાર્મિક શિક્ષણના અભ્યાસીઓ તથા તે શિક્ષણમાં રસ લેનાર વ્યક્તિઓને તે ઉપયોગી થઈ પડે એવાં વારંવાર સૂચનો થવાથી તે પુસ્તકમાંથી સામાયિક અને ચૈત્યવંદનનો ભાગ જુદો પાડીને આજથી ૧૩ વર્ષ પૂર્વે તેને પુસ્તકરૂપે પ્રગટ કરવામાં આવ્યો અને તેમાં સુંદર પ્રાસંગિક ચિત્રો ખાસ તૈયાર કરાવીને દાખલ કરવામાં આવ્યા.

શ્રીપ્રતિક્રમણસૂત્ર પરની પ્રબોધટીકામાં સૂત્રોની જે પાઠશુદ્ધિ તથા અર્થશુદ્ધિ રહેલી છે, તે ધાર્મિક શિક્ષણમાં યોગ્ય સ્થાન પામે તથા જૈન સંઘ તેનાથી-સુપરિચિત થાય, એ હેતુથી પ્રસ્તુત પુસ્તક તૈયાર કરવામાં આવ્યું. આ પુસ્તકમાં દરેક સૂત્રનું મૂળ નામ તેના મથાળે મોટા અક્ષરોમાં આપવામાં આવ્યું અને પ્રચલિત નામ નીચે કૌંસમાં દર્શાવવામાં આવ્યું. પછી સંશોધિત મૂળપાઠ આપવામાં આવ્યો. તે પછી બે કોલમમાં શબ્દાર્થ આપવામાં આવ્યો અને જ્યાં તેનો લાક્ષણિક કે તાત્પર્યાર્થ જણાવવાની જરૂર જણાઈ, ત્યાં બીજો અર્થ આપીને તેમ કરવામાં આવ્યું. પછી શુદ્ધ ગુજરાતીમાં અર્થસંકલના આપવામાં આવી અને છેવટે સૂત્રપરિચય આપવામાં આવ્યો. તેમાં પ્રસ્તુત સૂત્ર કયારે કેવા હેતુથી બોલાય છે, તે દર્શાવ્યું, અને જ્યાં તેના સંબંધમાં અમુક સંપ્રદાય કે કિંવદન્તી પ્રવર્તે છે, ત્યાં તેવા સ્વરૂપે તેની રજુઆત કરવામાં આવી. વળી કેટલાક સૂત્રપરિચય પછી સરલ ભાષામાં ટુંકી પ્રશ્નોત્તરી પણ આપવામાં આવી કે જે સૂત્રનો વિષય સ્પષ્ટ કરવા માટે અત્યન્ત ઉપયોગી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પુસ્તકના પ્રાન્તભાગે સામાયિક લેવાનો તથા પારવાનો વિધિ તથા દેવદર્શન–ચૈત્યવંદનનો વિધિ અને તેના હેતુઓ પણ વિસ્તારથી દર્શાવવામાં આવ્યા જેથી પાઠકને તે તે વિધિનું રહસ્ય સમજાય અને તેનાં અનુશીલનમાં આનંદ આવે.

આ પુસ્તક અતિલોકપ્રિય બન્યું અને તેથી સામાયિક સૂત્રના આ પુસ્તકનો ધાર્યાથીય વધુ પ્રચાર થતોજ ગયો. ૫૦૦૦ નકલો તો થોડા જ સમયમાં સમાપ્ત થઇ ગઇ અને તે માટેની માંગ સતત ચાલુ રહ્યા જ કરી.

જૈન સાહિત્ય વિકાસ મંડળે નવા નવા સંશોધનો પાછળ પોતાની શક્તિઓ રોકેલી હોવાથી ઘણા સમયથી જનસમૂહની આ પુસ્તકોની પુનરાવૃત્તિ કરાવવાની માગણી છતાં તે માગણીનો સ્વીકાર તે કરી શક્યું ન હતું, પરંતુ પ્રેમભરેલી આ માગણીનો અસ્વીકાર કર્યા જ કરવાનું શક્ય ન જ બની રહ્યું ત્યારે આ પુસ્તકનું પુનર્મુદ્રણ કરાવવાનો નિર્ણય થયો અને આ પુસ્તક વાચકોના કરકમલમાં મૂકવા અમે ભાગ્યવાન બન્યા છીએ.

આ પુસ્તકની પ્રથમ આવૃત્તિમાં રહી ગયેલી ભૂલોને બીજી આવૃત્તિમાં સુધારી લેવામાં આવી છે, સામાસિક પદોની વચમાં મૂકવામાં આવેલા અલગ પદ દર્શક ચિહ્નો (—) ને કાઢી નાખવામાં આવ્યા છે. લોગસ્સસૂત્ર તથા ઉવસગ્ગહરં સૂત્ર પર મંડળે વર્ષો લગી કરેલા સંશોધનને અનુસારે નક્કી થયેલા અર્થોને તે તે સૂત્રોમાં મૂકવામાં આવ્યા છે અને આ બધા દ્વારા આ આવૃત્તિને વિશેષ શુદ્ધ તેમજ આદરણીય બનાવવાનો પ્રયત્ન અમે કર્યો છે.

આટલું છતાંય અમે છદ્મસ્થ છીએ, ભૂલો થવી એ અમારા માટે સહજ છે અને તેથી સકલ શ્રીસંઘને વિનંતિ કરીએ છીએ કે હજુ પણ આ પુસ્તકમાં જ્યાં ક્યાંય પણ ભૂલો રહી ગયેલી દેખાય તે તરફ અંગુલિનિર્દેશ કરે જેથી ભવિષ્યમાં તેનું પરિમાર્જન કરી શકાય.

અમારા આ પ્રયાસમાં જે મહાનુભાવોએ અમને પોતાની પ્રેરણા તથા સહકાર આપ્યા છે તેમનો પ્રાન્તે આભાર માનું છું.

વૈશાખ સુદિ ૧૫, રવિવાર — નિવેદક—

વિ. સં–૨૦૨૪ — **સુબોધચંદ્ર નાનાલાલ શાહ**

તા. ૧૩–૪–૬૮ — મંત્રી

**જૈન સાહિત્ય વિકાસ મંડળ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org


# વિષયાનુક્રમ


| | | પૃષ્ઠ |
|---|---|---|
| | પ્રકાશકનું નિવેદન... ... .... | ૩ |
| ૧ | નમુક્કારો [ નમસ્કારમંત્ર ] ... .... | ૧ |
| ૨ | પંચિદિયસુત્તં [ ગુરુસ્થાપનાસૂત્ર ] .... | ૬ |
| ૩ | થોભવંદણસુત્તં [ ખમાસમણ સૂત્ર ] ... | ૧૧ |
| ૪ | સુગુરુસુખશાતાપૃચ્છા [ ગુરુનિમંત્રણ સૂત્ર ] ... | ૧૪ |
| ૫ | ઇરિયાવહિયં સુત્તં [ ઇરિયાવહિયં સૂત્ર ] ... | ૧૬ |
| ૬ | ઉત્તરીકરણ સુત્તં [ 'તસ્સ ઉત્તરી' સૂત્ર ] ... | ૨૦ |
| ૭ | કાઉસ્સગ્ગ સુત્તં ] 'અન્નત્થ' સૂત્ર ] ... | ૨૧ |
| ૮ | ચઉવીસત્થય સુત્તં [ 'લોગસ્સ' સૂત્ર ] ... | ૨૭ |
| ૯ | સામાઇય સુત્તં [ 'કરેમિ ભંતે' સૂત્ર ] ... | ૩૬ |
| ૧૦ | સામાઇયપારણસુત્તં [ સામાયિક પારવાનું સૂત્ર ] ... | ૪૦ |
| ૧૧ | જગચિંતામણિ સુત્તં [ 'જગચિંતામણિ' ચૈત્યવંદન ] | ૪૪ |
| ૧૨ | તિત્થવંદણ સુત્તં [ 'જં કિંચિ' સૂત્ર ] ... | ૫૦ |
| ૧૩ | સક્કત્થય સુત્તં [ 'નમોત્થુ ણં' સૂત્ર ] ... | ૫૧ |
| ૧૪ | સવ્વચેઇયવંદણસુત્તં [ 'જાવંતિ ચેઇઆઇં' સૂત્ર ] | ૬૩ |
| ૧૫ | સવ્વસાહુવંદણ સુત્તં [ 'જાવંત કે વિ સાહૂ' સૂત્ર ] | ૬૪ |
| ૧૬ | પંચપરમેષ્ઠિનમસ્કારસૂત્રમ્ [ 'નમોઽર્હત્' સૂત્ર ] ... | ૬૫ |
| ૧૭ | ઉવસગ્ગહર થોત્તં [ ઉપસર્ગહર સ્તોત્ર ] ... | ૬૬ |
| ૧૮ | પણિહાણ સુત્તં [ 'જય વીયરાય' સૂત્ર ] ... | ૭૧ |
| ૧૯ | ચેઇયથય સુત્તં [ 'અરિહંતચેઇયાણં' સૂત્ર] ... | ૭૫ |
| ૨૦ | કલ્લાણકંદં થુઇ [ પંચજિન સ્તુતિ ].... ... | ૭૯ |
| ૨૧ | સામાયિક લેવાનો વિધિ ... ... ... | ૮૨ |
| ૨૨ | સામાયિક પારવાનો વિધિ ... ... ... | ૮૪ |
| ૨૩ | દેવદર્શન તથા ચૈત્યવંદનનો વિધિ ... ... | ૮૫ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શુદ્ધિપત્રક

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧૭ | ૫ | સ્વેછ.ચ્થી | સ્વેચ્છાથી |
| ૧૯ | ૧૫ | વિરાધનાને | વિરાધનાને |
| ,, | ૨૨ | વાય છે. | થાય છે. |
| ૨૪ | ૧ | ખડિત | ખંડિત |
| ૨૭ | ૧૩ | રિટ્ઠિનેમિં | રિટ્ઠનેમિં |
| ૨૯ | ૨૧ | તીર્થંકરી | તીર્થંકરો |
| ૪૫ | ૯ | વતે | વર્તે |
| ૬૩ | ૧ | સવ્વચઇયિવંદણુ | સવ્વચેઇયિવંદણુ |
| ૭૧ | ૧૦ | ાનયાણુ | નિયાણુ |
| ૭૭ | ૧૬ | નેવેદ્ય | નૈવેદ્ય |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



સુરસરિ સાયર દ્રહ તીરથનાં
જળકુંભા ભરી લાવો
નિર્મલ નિજ આતમને કરવા
ભાવધરી નવરાવો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ ॐ अर्हं नमः ॥

# ૧ નમુક્કારો

## [ નમસ્કાર મંત્ર ]

**મૂળ—**

નમો અરિહંતાણં ।
નમો સિદ્ધાણં ।
નમો આયરિયાણં ।
નમો ઉવજ્ઝાયાણં ।
નમો લોએ સવ્વસાહૂણં ॥

( સિલોગો )

એસો પંચનમુક્કારો, સવ્વપાવપ્પણાસણો ।
મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઈ મંગલં ॥૧॥

**શબ્દાર્થ—**

**નમો**—નમસ્કાર હો.
**અરિહંતાણં**—અરિહંત ભગવંતોને.
**સિદ્ધાણં**—સિદ્ધ ભગવંતોને.
**આયરિયાણં**—આચાર્ય મહારાજોને.
**ઉવજ્ઝાયાણં**—ઉપાધ્યાય મહારાજોને.
**લોએ**-લોકમાં, અઢીદ્વીપમાં રહેલા.
**સવ્વસાહૂણં**—સર્વ સાધુઓને.
**એસો**—આ.
**પંચનમુક્કારો**—પાંચ પરમેષ્ઠીને કરેલો નમસ્કાર.

**સવ્વપાવપ્પણાસણો**—સર્વ પાપનો વિનાશ કરનાર.
સવ્વ—બધાં. પાવ—પાપ.
પ્પણાસણ-વિનાશ કરનાર.

**મંગલાણં**—મંગલોનું, મંગલોમાં.
**ચ**—અને, તથા.
**સવ્વેસિં**—સર્વેનું
**પઢમં**—ઉત્કૃષ્ટ.
**હવઇ**—છે.
**મંગલં**—મંગલ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અર્થસંકલના—**

અરિહંત ભગવંતોને નમસ્કાર હો.
સિદ્ધ ભગવંતોને નમસ્કાર હો.
આચાર્ય મહારાજોને નમસ્કાર હો.
ઉપાધ્યાય મહારાજોને નમસ્કાર હો.
લોકમાં રહેલા સર્વસાધુઓને નમસ્કાર હો.
આ પાંચ પરમેષ્ઠીને કરેલો નમસ્કાર સર્વ પાપનો વિનાશ કરનાર તથા બધાં મંગલોમાં ઉત્કૃષ્ટ મંગલ છે. ૧.

**સૂત્રપરિચય—**

આ સૂત્રવડે અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ પાંચ પરમેષ્ઠીને નમસ્કાર કરવામાં આવે છે. તેથી તે 'પંચ પરમેષ્ઠિ નમસ્કાર' કે 'નમસ્કાર મંત્ર'ના નામથી ઓળખાય છે. શાસ્ત્રોમાં આ સૂત્રને 'પંચમંગલ' તથા 'પંચમંગલમહાશ્રુતસ્કંધ' તરીકે પણ ઓળખાવેલું છે.

નમવાની ક્રિયાને નમસ્કાર કહેવામાં આવે છે. આ ક્રિયા દ્રવ્યથી પણ થાય છે અને ભાવથી પણ થાય છે, તેથી નમસ્કારના દ્રવ્ય-નમસ્કાર અને ભાવ-નમસ્કાર એવા બે પ્રકારો પડે છે. માથું નમાવવું, હાથ જોડવા, ઘૂંટણે પડવું વગેરે 'દ્રવ્યનમસ્કાર' કહેવાય છે અને મનને વિષય તથા કષાયમાંથી મુક્ત કરી તેમાં નમ્રતાનો ભાવ લાવવો, તેને 'ભાવનમસ્કાર' કહેવાય છે. દ્રવ્યનમસ્કાર તથા ભાવનમસ્કારથી નમસ્કારની ક્રિયા પૂર્ણ થઇ ગણાય છે.

નમસ્કાર-મંત્રનું સ્મરણ કરવાથી સર્વ અશુભ કર્મોનો નાશ થાય છે તથા સર્વશ્રેષ્ઠ મંગલ થયું ગણાય છે, તેથી શાસ્ત્રનો અભ્યાસ કરવો હોય, શાસ્ત્રનો ઉપદેશ દેવો હોય, ધાર્મિક ક્રિયા કરવી હોય, ધાર્મિક ઉત્સવ કરવો હોય અથવા કોઇ પણ શુભ કાર્ય કરવું હોય,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તો શરૂઆતમાં તેનું સ્મરણ કરવામાં આવે છે. વળી ઊંઘતાં, જાગતાં, ભોજન કરતાં, પ્રવાસે જતાં, તેમજ મરણ નજીક આવતાં પણ તેનું શરણ લેવામાં આવે છે.

આ સૂત્રમાં ૬૮ અક્ષરો છે, ૮ સંપદાઓ છે અને ૯ પદો છે, તે આ પ્રમાણે :

| સૂત્ર | અક્ષરો | સંપદા | પદ |
|---|---|---|---|
| નમો અરિહંતાણં ... ... ... | ૭ | પહેલી | પહેલું |
| નમો સિદ્ધાણં ... ... ... | ૫ | બીજી | બીજું |
| નમો આયરિયાણં ... ... | ૭ | ત્રીજી | ત્રીજું |
| નમો ઉવજ્ઝાયાણં ... ... | ૭ | ચોથી | ચોથું |
| નમો લોએ સવ્વસાહૂણં ... ... | ૯ | પાંચમી | પાંચમું |
| એસો પંચનમુક્કારો ... ... | ૮ | છઠ્ઠી | છઠ્ઠું |
| સવ્વપાવપ્પણાસણો ... ... | ૮ | સાતમી | સાતમું |
| મંગલાણં ચ સવ્વેસિં ... ... | ૮ | આઠમી | આઠમું |
| પઢમં હવઇ મંગલં ... ... | ૯ | ,, | નવમું |
| | ૬૮ | | |

# પંચપરમેષ્ઠી

પ્રશ્ન—પરમેષ્ઠી કોને કહેવાય?

ઉત્તર—જેઓ પરમે એટલે પરમપદમાં કે ઊંચા સ્થાનમાં 'ષ્ઠિન' એટલે રહેલા હોય, તેને પરમેષ્ઠી કહેવાય. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય તથા સાધુ સર્વ જીવોમાં ઊંચે સ્થાને રહેલા છે, તેથી તેમને પરમેષ્ઠી કહેવામાં આવે છે.

પ્રશ્ન—પાંચ પરમેષ્ઠીમાં દેવ કેટલા અને ગુરુ કેટલા ?

ઉત્તર—પાંચ પરમેષ્ઠીમાં અરહિંત અને સિદ્ધ એ બે દેવ છે અને આચાર્ય, ઉપાધ્યાય તથા સાધુ એ ત્રણ ગુરુ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—અરિહંતનો અર્થ શો ?

**ઉત્તર**—અરિહંત એટલે રાજા-મહારાજાઓ તથા દેવો વગેરેથી પૂજાવાને યોગ્ય વીતરાગ મહાપુરુષ.

**પ્રશ્ન**—અરિહંતનો બીજો અર્થ શો ?

**ઉત્તર**—અરિ એટલે શત્રુ અને હંત એટલે હણનાર. જે પરમ પુરુષે કર્મરૂપી શત્રુને હણ્યા છે, તે અરિહંત.

**પ્રશ્ન**—અરિહંત ભગવાન કેવી રીતે ઓળખાય છે ?

**ઉત્તર**—અરિહંત ભગવાન બાર ગુણોથી ઓળખાય છે.

**પ્રશ્ન**—તે કેવી રીતે ?

**ઉત્તર**—(૧) જ્યાં અરિહંત ભગવાનનું સમવસરણ રચાય છે, ત્યાં દેવતાઓ તેમનાં શરીરથી બાર ગણું ઊંચું **અશોકવૃક્ષ** રચે છે. (૨) **પુષ્પોની વૃષ્ટિ** કરે છે. (૩) **દિવ્યધ્વનિથી** તેમની દેશનામાં સૂર પૂરે છે, (૪) **ચામર** વીંઝે છે, (૫) બેસવાને માટે રત્નજડિત સુવર્ણનું **સિંહાસન** રચે છે, (૬) મસ્તકની પાછળ તેજને સંવરી લેનારું **ભામંડળ** રચે છે, (નહિ તો અતિ તેજને લીધે ભગવાનનું મુખ જોઇ શકાય નહિ) (૭) **દુંદુભિ** વગાડે છે અને (૮) મસ્તકની ઉપર ત્રણ મનોહર **છત્રો** રચે છે. આ આઠ ગુણોને આઠ પ્રાતિહાર્ય કહેવામાં આવે છે, કારણ કે તે પ્રતિહારી (રાજસેવક)ની જેમ સાથે રહે છે. (૯) તેઓ **જ્ઞાનાતિશયવાળા** હોય છે, એટલે સમસ્ત વિશ્વનું સંપૂર્ણ સ્વરૂપ જાણે છે. (૧૦) તેઓ **પૂજાતિશયવાળા** હોય છે, એટલે દેવ-દાનવો પણ તેમની પૂજા કરે છે. (૧૧) તેઓ **વચનાતિશયવાળા** હોય છે, એટલે તેમના કહેવાનો અર્થ દેવ, મનુષ્ય અને પશુ (તિર્યંચ) પણ સમજી જાય છે, અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧૨) તેઓ **અપાયાપગમાતિશય**વાળા હોય છે, એટલે જ્યાં જ્યાં વિચરે છે, ત્યાંથી અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ ( દુષ્કાળ ), રોગ, મરકી વગેરે અપાયોનો ( અનિષ્ટોનો ) નાશ થઈ જાય છે.

**પ્રશ્ન**—સિદ્ધનો અર્થ શો ?

**ઉત્તર**—જેણે કર્મના સંપૂર્ણ નાશ વડે પોતાનું શુદ્ધ સ્વરૂપ પ્રકટ કરેલું છે, તેવો આત્મા.

**પ્રશ્ન**—સિદ્ધ ભગવાન કેવી રીતે ઓળખાય છે ?

**ઉત્તર**—સિદ્ધ ભગવાન નીચેના આઠ ગુણોથી ઓળખાય છેઃ– (૧) **અનંતજ્ઞાન**, (૨) **અનંતદર્શન**, (૩) **અનંતઅવ્યાબાધ સુખ** (૪) **અનંતચારિત્ર**, (૫) **અક્ષયસ્થિતિ**, (૬) **અરૂપીપણું**, (૭) **અગુરુલઘુ** (જેનામાં ઊંચાપણાનો કે નીચાપણાનો વ્યવહાર થઈ શકે નહિ) અને (૮) **અનંતવીર્ય**.

**પ્રશ્ન**—આચાર્ય કોને કહેવાય ?

**ઉત્તર**—જે સાધુ ગચ્છના વડા હોય, આચારનું સારી રીતે પાલન કરતા હોય અને બીજાને તે આચાર પાળવાનો ઉપદેશ આપતા હોય, તે આચાર્ય કહેવાય. તેઓ પાંચ ઇંદ્રિયોના વિષયોને જીતનારા હોય છે, બ્રહ્મચર્યની નવ વાડોનું પાલન કરનારા હોય છે, ચાર પ્રકારના કષાયોથી રહિત હોય છે, પાંચ મહાવ્રતોને પાળનારા હોય છે, તથા પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું પાલન કરનારા હોય છે. આમ તેઓ છત્રીશ ગુણો વડે ઓળખાય છે.+

**પ્રશ્ન**—ઉપાધ્યાય કોને કહેવાય ?

**ઉત્તર**—જે સાધુ જ્ઞાન અને ક્રિયાનો અભ્યાસ કરાવે તે ઉપાધ્યાય કહેવાય. તેમની ઓળખાણ નીચેના પચીશ ગુણોથી થાય છે : અગિયાર અંગશાસ્ત્રો તથા બાર ઉપાંગશાસ્ત્રો ભણાવવા, તેમ જ ચારિત્ર તથા ક્રિયામાં કુશલ થઇને અન્ય સાધુઓને તેમાં કુશલ કરવા.

---

×આ ગુણોની ગણના બીજી રીતે પણ થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રશ્ન—સાધુ કોને કહેવાય ?

ઉત્તર—નિર્વાણ અથવા મોક્ષમાર્ગની સાધના કરતા હોય તેને સાધુ કહેવાય. તેમની ઓળખાણ નીચેના સત્તાવીશ ગુણો વડે થાય છે: તેઓ પાંચ મહાવ્રતોનું પાલન કરે છે,[૫] રાત્રિભોજનનો ત્યાગ કરે છે,[૧] છ કાય જીવોની રક્ષા કરે છે.[૬] પાંચ ઇંદ્રિયો પર સંયમ રાખે છે,[૫] ત્રણ ગુપ્તિનું પાલન કરે છે,[૩] લોભ રાખતા નથી,[૧] ક્ષમા ધારણ કરે છે,[૧] મનને નિર્મળ રાખે છે,[૧] વસ્ત્ર વગેરેની શુદ્ધ પડિલેહણા કરે છે,[૧] પ્રેક્ષા-ઉપેક્ષાદિ સંયમ પાળે છે,[૧] તથા પરિષહો[૧] અને ઉપસર્ગો સહન કરે છે.[૧]

પ્રશ્ન—આ રીતે પંચપરમેષ્ઠીના કેટલા ગુણો થયા ?

ઉત્તર—એકસો ને આઠ. ૧૨ + ૮ + ૩૬ + ૨૫ + ૨૭ = ૧૦૮.

---

# ૨ પંચિંદિયસુત્તં

## [ગુરુસ્થાપનાસૂત્ર]

મૂળ—

[ગાહા]

પંચિંદિયસંવરણો, તહ નવવિહબંભચેરગુત્તિધરો ।
ચઉવિહકસાયમુક્કો, ઈઅ અટ્ઠારસગુણેહિં સંજુત્તો ॥૧॥
પંચમહવ્વયજુત્તો, પંચવિહાયારપાલણસમત્થો ।
પંચસમિઓ તિગુત્તો, છત્તીસગુણો ગુરુ મજ્ઝ ॥૨॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દાર્થ—

પંચિંદિયસંવરણો-પાંચ
ઇન્દ્રિયોને કાબૂમાં રાખનારા.
પંચિંદિય-પાંચ ઇંદ્રિયોને.
સંવરણો-કાબૂમાં રાખનારા.

તહ-તથા

નવવિહબંભચેરગુત્તિધરો-
નવ પ્રકારની બ્રહ્મચર્યની ગુપ્તિ
(વાડ)ને ધારણ કરનારા.
નવવિહ-નવ પ્રકારની.
બંભચેરગુત્તિ-બ્રહ્મચર્યની
ગુપ્તિ (વાડ)ને.
ધર-ધારણ કરનારા.

ચઉવિહકસાયમુક્કો-ચાર
પ્રકારના કષાયોથી મૂકાયેલા.
ચઉવિહ-ચાર પ્રકારના.
કસાય-કષાયથી.
મુક્કો-મુક્ત, મૂકાયેલા.

ઇઅ-આ.

અટ્ઠારસગુણેહિં-અઢાર ગુણો-
વડે.

સંજુત્તો-યુક્ત, સહિત.

પંચમહવ્વયજુત્તો-પાંચ
મહાવ્રતોથી યુક્ત.
પંચ-પાંચ. મહવ્વય-મહાવ્રત,
સાધુઓનાં વ્રત. જુત્તો-યુક્ત.

પંચવિહાયારપાલણસમત્થો-
પાંચ પ્રકારના આચાર પાળવામાં
સમર્થ.
પંચવિહ-પાંચ પ્રકારના.
આયાર-મર્યાદાપૂર્વક વર્તવાની
ક્રિયા, આચાર.
પાલણસમત્થો-પાળવામાં સમર્થ.

પંચસમિઓ-પાંચ સમિતિઓથી
યુક્ત.

તિગુત્તો-ત્રણ ગુપ્તિઓથી યુક્ત.

છત્તીસગુણો-છત્રીસ ગુણોવાળા.

ગુરુ-ગુરુ.

મજ્ઝ-મારા.

અર્થ-સંકલના—

પાંચ ઇન્દ્રિયોને કાબૂમાં રાખનારા,
નવ પ્રકારની બ્રહ્મચર્યની ગુપ્તિને ધારણ કરનારા,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચાર પ્રકારના કષાયોથી મૂકાયેલા,
આ અઢાર ગુણો વડે સહિત,
પાંચ મહાવ્રતોથી યુક્ત,
પાંચ પ્રકારના આચાર પાળવામાં સમર્થ,
પાંચ સમિતિઓ અને ત્રણ ગુપ્તિઓથી યુક્ત,
(આ રીતે) છત્રીશ ગુણોવાળા મારા ગુરુ છે.

**સૂત્રપરિચય—**

સઘળી ધાર્મિક ક્રિયાઓ ગુરુની આજ્ઞા લઈને તેમની સમક્ષ કરવી જોઈએ, પરંતુ જ્યારે તેવો યોગ ન હોય અને ધાર્મિક ક્રિયા કરવી હોય ત્યારે જ્ઞાન, દર્શન અને ચારિત્રનાં ઉપકરણોમાં તેમની સ્થાપના કરીને કામ ચલાવવામાં આવે છે. આવી સ્થાપના કરતી વખતે આ સૂત્ર બોલાય છે.

## ગુરુ

પ્રશ્ન—ગુરુ કોને કહેવાય?

ઉત્તર—જે અજ્ઞાનને દૂર કરે તે ગુરુ કહેવાય.

પ્રશ્ન— ગુરુના કેટલા પ્રકારો છે?

ઉત્તર—ગુરુના બે પ્રકારો છે: એક સદ્‌ગુરુ અને બીજા કુગુરુ.

પ્રશ્ન—સદ્‌ગુરુ કોને કહેવાય?

ઉત્તર—જે પોતે તરે અને બીજાને તારે તે સદ્‌ગુરુ કહેવાય.

પ્રશ્ન— કુગુરુ કોને કહેવાય?

ઉત્તર—જે પોતે ડૂબે અને બીજાને પણ ડૂબાડે તે કુગુરુ કહેવાય.

પ્રશ્ન— સદ્‌ગુરુનાં લક્ષણ કયાં?

ઉત્તર—સદ્‌ગુરુ સ્પર્શનેંદ્રિય ( ચામડી ), રસનેંદ્રિય ( જીભ ), ઘ્રાણેં-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દ્રિય ( નાક ), ચક્ષુરિંદ્રિય ( આંખ ) અને શ્રોત્રેંદ્રિય ( કાન ) એ પાંચ ઈંદ્રિયોને કાબૂમાં રાખનારા હોય.

પ્રશ્ન—વળી બીજાં લક્ષણો શું હોય ?

ઉત્તર—સદ્‌ગુરુ નવ વાડથી બ્રહ્મચર્યનું શુદ્ધ પાલન કરે. જેમકે—

(૧) સ્ત્રી, પશુ અને નપુંસકથી રહિત સ્થાનમાં રહે.

(૨) સ્ત્રીઓ સંબંધી વાતો કરે નહિ.

(૩) સ્ત્રી જે આસન પર બેઠેલી હોય તે આસન પર બે ઘડી સુધી બેસે નહિ.

(૪) સ્ત્રીઓનાં અંગોપાંગ આસક્તિથી જુએ નહિ.

(૫) ભીંતનાં આંતરે સ્ત્રી-પુરૂષનું જોડું રહેતું હોય તેવા સ્થાનમાં રહે નહિ.

(૬) પૂર્વકલમાં સ્ત્રીની સાથે જે ક્રીડા કરી હોય, તેનું સ્મરણ કરે નહિ.

(૭) માદક આહારપાણી વાપરે નહિ.

(૮) પ્રમાણથી વધારે આહાર કરે નહિ. (પુરુષના આહારનું પ્રમાણ ૩૨ કોળિયા છે અને સ્ત્રીના આહારનું પ્રમાણ ૨૮ કોળિયા છે.)

(૯) શરીરને શણગારે નહિ.

પ્રશ્ન—વળી બીજાં લક્ષણો શું હોય ?

ઉત્તર—સદ્‌ગુરુ ચાર પ્રકારના કષાયોનું સેવન કરે નહિ. જેમ કે—

(૧) ક્રોધ કરે નહિ.

(૨) માન રાખે નહિ.

(૩) માયા ( કપટ ) રાખે નહિ.

(૪) લોભ-લાલચમાં પડે નહિ.

પ્રશ્ન—વળી બીજાં લક્ષણો શું હોય ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉત્તર—સદ્‌ગુરુ પાંચ મહાવ્રતોનું બરાબર પાલન કરે. જેમ કે—

(૧) મન, વચન, કાયાથી કોઇ પ્રાણીની હિંસા કરે નહિ.

(૨) મન, વચન, કાયાથી અસત્ય બોલે નહિ.

(૩) મન, વચન, કાયાથી ન દીધેલું લે નહિ.

(૪) મન, વચન, કાયાથી મૈથુન સેવે નહિ.

(૫) મન, વચન, કાયાથી પરિગ્રહ રાખે નહિ.

પ્રશ્ન—વળી બીજાં લક્ષણો શું હોય ?

ઉત્તર—સદ્‌ગુરુ પાંચ આચારોનું પાલન કરે. જેમ કે—

(૧) જ્ઞાનાચાર પાળે.

(૨) દર્શનાચાર પાળે.

(૩) ચારિત્રાચાર પાળે.

(૪) તપાચાર પાળે.

(૫) વીર્યાચાર પાળે.

પ્રશ્ન—વળી બીજાં લક્ષણો શું હોય ?

ઉત્તર—સદ્‌ગુરુ પાંચ સમિતિઓ અને ત્રણ ગુપ્તિઓનું પાલન કરે. જેમ કે—

(૧) ચાલવામાં સાવધાની રાખે.

(૨) બોલવામાં સાવધાની રાખે.

(૩) આહાર પાણી મેળવવામાં સાવધાની રાખે.

(૪) વસ્ત્ર, પાત્ર લેવા-મૂકવામાં સાવધાની રાખે.

(૫) મૂત્ર-પુરીષ વગેરે પરઠવવામાં સાવધાની રાખે.

અને

(૧) મન પર પૂરેપૂરો કાબૂ રાખે.

(૨) વચન પર પૂરેપૂરો કાબૂ રાખે.

(૩) કાયા પર પૂરેપૂરો કાબૂ રાખે.

આ પ્રકારે છત્રીશ લક્ષણોથી સદ્‌ગુરુ પરખાય અને તેમનાં ચરણની સેવા કરતાં જન્મ સફળ થાય.

---

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૩ થોભવંદણસુત્તં

## [ ખમાસમણ સૂત્ર ]

મૂળ—

ઇચ્છામિ ખમાસમણો ! વંદિઉં,
જાવણિજ્જાએ નિસીહિઆએ,
મત્થએણ વંદામિ ॥

શબ્દાર્થ—

ઇચ્છામિ—હું ઇચ્છું છું.
ખમાસમણો !—હે ક્ષમાવાળા સાધુજી !
વંદિઉં—વંદન કરવા.
જાવણિજ્જાએ—શક્તિ સહિત અથવા સુખશાતા પૂછીને.
નિસીહિઆએ—પાપ-પ્રવૃત્તિનો ત્યાગ કરીને અથવા અવિનય આશાતના ખમાવીને.
મત્થએણ—મસ્તક વડે, મસ્તક વગેરે પાંચે અંગો નમાવીને.
વંદામિ—હું વંદન કરું છું.

અર્થસંકલના—

હે ક્ષમાવાળા સાધુજી ! આપને હું સુખશાતા પૂછીને તથા અવિનય-આશાતના ખમાવીને વંદન કરવા ઇચ્છું છું.

મસ્તક વગેરે પાંચે અંગો નમાવીને હું વંદન કરું છું.

સૂત્રપરિચય—

ગુરુવંદનના ત્રણ પ્રકારો છે: (૧) ફિટ્ટાવંદણ, (૨) થોભવંદણ અને (૩) બારસાવત્તવંદણ. તેમાં રસ્તે ચાલતાં માત્ર માથું નમાવીને જે વંદન કરવામાં આવે છે, તે 'ફિટ્ટાવંદણ' કહેવાય છે, ઊભા રહીને તથા શરીરનાં પાંચ અંગો નમાવવા પૂર્વક જે વંદન કરવામાં આવે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે, તે 'થોભવંદણ' કહેવાય છે, અને સવારે તથા સાંજે બાર આવર્ત-પૂર્વક જે વંદન કરવામાં આવે છે. તે 'બારસાવત્તવંદણું' કહેવાય છે.

આ સૂત્ર થોભવંદણ કરતાં બોલાય છે અને 'ખમાસમણો' શબ્દ ઉપરથી 'ખમાસમણ સૂત્ર' તરીકે ઓળખાય છે.

## ક્ષમાશ્રમણ

પ્રશ્ન—ખમાસમણો શબ્દનો અર્થ શો ?

ઉત્તર—હે ક્ષમાસમણ ! અથવા હે ક્ષમાશ્રમણ !

પ્રશ્ન—ક્ષમાસમણ કોને કહેવાય ?

ઉત્તર—જે સમણ ક્ષમા વગેરે દશ પ્રકારનો યતિધર્મ પાળે તે ક્ષમા-સમણ કહેવાય.

પ્રશ્ન—સમણ કોને કહેવાય ?

ઉત્તર—જે સાધુ બધા જીવો સાથે સમભાવથી વર્તે તે સમણ કહેવાય.

પ્રશ્ન—શ્રમણ કોને કહેવાય ?

ઉત્તર—જે સાધુ પાંચ ઇંદ્રિયોને કાબૂમાં રાખવા માટે શ્રમ કરે, તે શ્રમણ કહેવાય; અથવા જે સાધુ આત્મશુદ્ધિ માટે શ્રમ એટલે તપશ્ચર્યા કરે, તે શ્રમણ કહેવાય.

પ્રશ્ન—યતિધર્મના દશ પ્રકારો કયા ?

ઉત્તર—(૧) ક્ષમા રાખવી, (૨) મૃદુતા રાખવી, (૩) સરલતા રાખવી, (૪) પવિત્રતા રાખવી, (૫) સત્ય બોલવું, (૬) સંયમ પાળવો, (૭) તપ કરવું, (૮) ત્યાગવૃત્તિ રાખવી, (૯) પોતાની પાસે પૈસોટકો રાખવો નહિ અને (૧૦) બ્રહ્મચર્યનું પાલન કરવું.

પ્રશ્ન—પંચાંગપ્રણિપાત કોને કહેવાય ?

ઉત્તર—બે હાથ, બે ઘુંટણ અને મસ્તક એ પાંચ અંગો ભેગાં કરીને જે પ્રણામ કરવામાં આવે તેને પંચાંગપ્રણિપાત કહેવાય. થોભ-વંદણ કરતી વખતે આવો પંચાંગપ્રણિપાત કરવામાં આવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




પંચાંગ પ્રણિપાત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૪ સુગુરુસુખશાતા પૃચ્છા

## [ ગુરુનિમંત્રણસૂત્ર ]

મૂળ--

ઈચ્છકાર ! સુહરાઇ ? (સુહદેવસિ ? ) સુખતપ ! શરીરનિરાબાધ ? સુખ સંજમ જાત્રા નિર્વહો છો જી ? સ્વામી ! શાતા છે જી ?

[ અહીં ગુરુ જવાબ આપે-'દેવગુરુપસાય'. તે સાંભળીને શિષ્ય કહે : ]

ભાતપાણીનો* લાભ દેજો જી ॥

શબ્દાર્થ—

ઇચ્છિકાર !-હે ગુરુજી ! આપની ઇચ્છા હોય તો પૂછું.
સુહરાઈ ?-રાત્રિ સુખ-પૂર્વક પસાર થઇ ?
(સુહદેવસિ ?-દિવસ સુખ-પૂર્વક પસાર થયો ? )
સુખતપ ?-તપશ્ચર્યા સુખ-પૂર્વક થાય છે ?
શરીરનિરાબાધ ? -શરીર પીડા રહિત છે ?
સુખ સંજમ જાત્રા નિર્વહો છો જી ? -આપ ચારિત્રનું પાલન સુખ-પૂર્વક કરી શકો છો? આપની સંયમ-યાત્રાનો નિર્વાહ સુખે કરીને થાય છે ?
સંજમ-ચારિત્ર.જાત્રા--પ્રવૃત્તિ, નિર્વાહ--પાલન.
ભાતપાણી-આહાર પાણી.

* અહીં ભક્ત-પાનના અર્થમાં ભાત-પાણી બોલાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## અર્થસંકલના—

[ શિષ્ય ગુરુને સુખશાતા પૂછે છે, તે આવી રીતેઃ ]

હે ગુરુજી ! આપની ઈચ્છા હોય તો પૂછું. રાત્રિ સુખપૂર્વક પસાર થઈ ? (અથવા દિવસ સુખપૂર્વક પસાર થયો ? ) આપની તપશ્ચર્યા સુખપૂર્વક થાય છે ? આપનું શરીર પીડા રહિત છે ? વળી, હે ગુરુજી ! આપની સંયમયાત્રાનો નિર્વાહ સુખે કરીને થાય છે ? હે સ્વામી ! આપને સર્વ પ્રકારે શાતા છે ?

[ ગુરુ કહે છે—'દેવ અને ગુરુની કૃપાથી તેમજ છે.' શિષ્ય આ વખતે પોતાની હાર્દિક ઈચ્છા વ્યક્ત કરે છેઃ ]

' મારે ત્યાંથી આહાર-પાણી વહોરી ધર્મનો લાભ આપવા કૃપા કરશોજી. '

[ ગુરુ એ આમંત્રણનો સ્વીકાર કે ઈનકાર ન કરતાં કહે છે કે – ]

' વર્તમાનયોગ '—જેવી તે સમયની અનુકૂલતા.

## સૂત્રપરિચય—

ગુરુને સુખશાતા પૂછવા માટે આ સૂત્રનો ઉપયોગ થાય છે. તેમાં પહેલું એ પૂછવામાં આવે છે કે ' હે ગુરુજી ! રાત્રિ સુખપૂર્વક પસાર થઈ ? અર્થાત્ આપે જે રાત્રિ ગાળી તેમાં કોઈ પ્રકારની અશાતા તો નથી થઈ ? જો વંદન દિવસના બાર વાગ્યા પછી કરવામાં આવ્યું હોય તો રાત્રિની જગાએ દિવસ બોલાય છે. તેનો અર્થ એ છે કે આપે જે દિવસ ગાળ્યો, તેમાં કોઈ પ્રકારની અશાતા તો નથી થઈ ? બીજો પ્રશ્ન એ પૂછવામાં આવે છે કે આપ જે તપશ્ચર્યા કરી રહ્યા છો, તેમાં કોઈ પ્રકારનું વિઘ્ન તો નથી આવતું ? ત્રીજો પ્રશ્ન એ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂછવામાં આવે છે કે આપનુ શરીર પીડારહિત છે ? અર્થાત્ આપને નાની-મોટી કોઈ વ્યાધિ પીડા તો ઉત્પન્ન નથી કરતી ને ? અને ચોથો પ્રશ્ન એ પૂછવામાં આવે છે કે આપ ચારિત્રનું પાલન સુખપૂર્વક કરી શકો છો ! આ પ્રશ્નો પૂછવાનો હેતુ એ છે કે ગુરુને તપ-સંયમ વગેરેની આરાધના કરવામાં કોઈ પણ પ્રકારની મુશ્કેલી પડતી હોય તો ઉપયોગી થવું. પછી ગુરુને આહાર-પાણી માટે નિમંત્રણ આપવામાં આવે છે, પણ ગુરુ પોતાનો સાધુધર્મ વિચારી 'વર્તમાન-યોગ' એટલે 'જેવો તે સમયનો સંયોગ' એવો જવાબ આપે છે.

# ૫ ઈરિયાવહિયં સુત્તં

## ['ઈરિયાવહિય' સૂત્ર]

### પીઠિકા

ઇચ્છાકારેણ સંદિસહ ભગવં !
ઈરિયાવહિયં પડિક્કમામિ ! ઈચ્છં ।

**મૂળ—**

ઇચ્છામિ પડિક્કમિઉં ઈરિયાવહિયાએ વિરાહણાએ ।
ગમણાગમણે ।
પાણક્કમણે, બીયક્કમણે, હરિયક્કમણે, ઓસા-
ઉત્તિંગપણગદગમટ્ટીમક્કડાસંતાણાસંકમણે ।
જે મે જીવા વિરાહિયા ।
એગિંદિયા, બેઇંદિયા, તેઇંદિયા, ચઉરિંદિયા, પંચિંદિયા ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અભિહયા, વત્તિયા, લેસિયા, સંઘાઈયા, સંઘટ્ટિયા, પરિયાવિયા, કિલામિયા, ઉદ્દવિયા, ઠાણાઓ ઠાણું સંકામિયા, જીવિયાઓ વવરોવિયા, તસ્સ મિચ્છામિ દુક્કડં ॥

**શબ્દાર્થ**

**ઇચ્છાકારેણ**–સ્વેચ્છાથી.
**સંદિસહ**–આજ્ઞા આપો.
**ભગવં !**–હે ભગવન્ !
**ઇરિયાવહિયં પડિક્કમામિ**–
ઐર્યાપથિકી ક્રિયાનું પ્રતિક્રમણ કરું છું.
ઇર્યાપથને લગતી ક્રિયા તે ઐર્યાપથિકી. ઇર્યાપથ–જવા આવવાનો રસ્તો. પ્રતિક્રમણ પાછા ફરવાની ક્રિયા. પ્રતિ-પાછું. ક્રમણ–ફરવું તે.
**ઇચ્છં**–ઇચ્છું છું
**ઇચ્છામિ**–ઇચ્છું છું.
**પડિક્કમિઉં**–પ્રતિક્રમણ કરવાને.
**ઇરિયાવહિયાએ વિરાહણાએ**
–ઐર્યાપથિકી ક્રિયા અંગે લાગેલા અતિચારથી.
વિરાહણા–વિકૃત થયેલી આરાધના, દોષ.
**ગમણાગમણે**–કાર્ય–પ્રયોજને જવામાં અને ત્યાંથી પાછા-વળવામાં.

**પાણક્કમણે**–પ્રાણીઓને ચાંપતાં.
**બીયક્કમણે**–બીજને ચાંપતાં.
**હરિયક્કમણે**–લીલેતરીને ચાંપતાં
**ઓસા–ઉત્તિંગ–પણગ–દગ-મટ્ટી – મક્કડા–સંતાણા સંકમણે**–ઝાકળ; કીડિયારું, લીલ–ફૂગ, કાદવ અને કરોળિયાની જાળને ચાંપતાં.
ઓસા–ઝાકળ. ઉત્તિંગ–કીડિયારું. પણગ–લીલ–ફૂગ. દગ-મટ્ટી–કાદવ. મક્કડા–સંતાણા–કરોળિયાની જાળ.
**જે જીવા**–જે પ્રાણીઓ.
**મે વિરાહિયા**–મારાથી દુઃખ પામ્યા હોય.
**એગિંદિયા**–એક ઇંદ્રિયવાળા જીવો
**બેઇંદિયા**–બે ઇંદ્રિયવાળા જીવો.
**તેઇંદિયા**–ત્રણ–ઇંદ્રિયવાળા જીવો.
**ચઉરિંદિયા**–ચાર ઇંદ્રિયવાળા જીવો.
**પંચિંદિયા**-પાંચ ઇંદ્રિયવાળા જીવો.
**અભિહયા**–લાતે મરાયા હોય.
**વત્તિયા**–ધૂળ વડે ઢંકાયા હોય



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**લેસિયા**–ભોંય સાથે ઘસાયા હોય.
**સંઘાઈયા**–અરસપરસ શરીરો વડે અફળાવાયા હોય.
**સંઘટ્ટિયા**–થોડો સ્પર્શ કરાયા હોય.
**પરિયાવિયા**–દુઃખ ઉપજાવાયા હોય.
**કિલામિયા**-ખેદ પમાડાયા હોય.
**ઉદ્દવિયા**–બિવરાવાયા હોય.
**ઠાણાઓ ઠાણં**–એક સ્થાનેથી બીજા સ્થાને.
**સંકામિયા**–ફેરવાયા હોય.
**જીવિયાઓ વવરોવિયા**–જીવનથી છૂટા કરાયા હોય
**તસ્સ**–તે સર્વ અતિચારનું.
**મિચ્છા**–મિથ્યા.
**મિ**–મારું.
**દુક્કડં**–દુષ્કૃત.

**અર્થસંકલના—**

હે ભગવંત ! સ્વેચ્છાથી ઈર્યાપથિકી-પ્રતિક્રમણ કરવાની મને આજ્ઞા આપો. [ ગુરુ તેને પ્રત્યુત્તરમાં- ‘ પડિક્કમેહ ’— ‘ પ્રતિક્રમણ કરો ’ એમ કહે એટલે ] શિષ્ય કહે કે-હું ઇચ્છું છું-આપની એ આજ્ઞા સ્વીકારું છું. હવે હું રસ્તે ચાલતાં થયેલી જીવ વિરાધનાનું પ્રતિક્રમણ અંતઃકરણની ભાવના પૂર્વક શરૂ કરું છું.

જતાં-આવતાં મારા વડે પ્રાણીઓ, બિયાં, લીલોતરી, ઝાકળનું પાણી, કીડીનાં દર, સેવાળ, કાચું પાણી, માટી કે કરોળિયાની જાળ વગેરે ચંપાયાં હોય;

જતાં-આવતાં મારા વડે જે કોઈ એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય કે પંચેન્દ્રિય જીવોની વિરાધના થઇ હોય;

જતાં-આવતાં મારાવડે જીવો ઠોકરે મરાયા હોય, ધૂળે કરીને ઢંકાયા હોય, ભોંય સાથે ઘસાયા હોય, અરસપરસ શરીરો વડે અફળાવાયા હોય, થોડા સ્પર્શાયા હોય, દુઃખ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપજાવાયા હોય, ખેદ પમાડાયા હોય, બિવરાવાયા (ત્રાસ પમાડાયા) હોય, એક સ્થાનેથી બીજા સ્થાને ફેરવાયા હોય કે જીવનથી છૂટા કરાયા હોય, અને તેથી જે કાંઈ વિરાધના થઈ હોય, તે સંબંધી મારું સઘળું દુષ્કૃત મિથ્યા થાઓ.

સૂત્રપરિચય—

આ સૂત્રનો ઉપયોગ જવા-આવવાની ક્રિયા કરતાં જીવોની જે વિરાધના થઈ હોય, તેનું પ્રતિક્રમણ કરવા માટે થાય છે અને તે જ કારણે સામાયિક, પ્રતિક્રમણ, ચૈત્યવંદન તેમજ દેવવંદન વગેરેમાં આ સૂત્ર બોલાય છે.

ચાલવાની ક્રિયા નીચું જોઈને ખૂબ સાવધાની પૂર્વક કરવી જોઈએ અને તેમાં કોઇ જીવ ચંપાઇ ન જાય તેની ખાસ કાળજી રાખવી જોઈએ. આમ છતાં શરત-ચૂકથી કે ઉપયોગની ખામીને લીધે જતાં-આવતાં કોઈ પણ જીવ ચંપાઈ ગયો હોય અને તેને કોઈ પણ પ્રકારે દુઃખ ઉપજાવ્યું હોય તો આ સૂત્ર વડે તેનું પ્રતિક્રમણ કરવામાં આવે છે. નાનામાં નાની જીવ-વિરાધનાને પણ દુષ્કૃત સમજવું અને તે માટે દિલગીર થવું, એ આ સૂત્રનો પ્રધાન સૂર છે. 'મિચ્છા મિ દુક્કડં' એ ત્રણ પદો પ્રતિક્રમણનું બીજ મનાય છે.

ઈરિયાવહી પડિક્કમણના ૧૮૨૪૧૨૦ ભાંગા ગણાય છે. તે આ રીતેઃ જીવના ૫૬૩ ભેદો છે, તેની વિરાધના દસ પ્રકારે થાય છે, તેને રાગ-દ્વેષ, ત્રણ કરણ,× ત્રણ યોગ,+ ત્રણ કાળ÷ અને અરિહંત વગેરે છની સાક્ષીએ* ગુણતાં અનુક્રમે ૫૬૩ × ૧૦ × ૨ × ૩ × ૩ × ૬ =૧૮૨૪૧૨૦ ભેદો થાય છે.

---

×કરવું, કરાવવું અને અનુમોદવું.

+મન, વચન અને કાયા.

÷ભૂત, વર્તમાન અને ભવિષ્ય.

*અરિહંત, સિદ્ધ, સાધુ, દેવ, ગુરુ અને આત્મા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૬ ઉત્તરીકરણસુત્તં

## [ 'તસ્સ ઉત્તરી' સૂત્ર ]

**મૂળ—**

તસ્સ—

ઉત્તરીકરણેણં, પાયચ્છિત્તકરણેણં, વિસોહીકરણેણં, વિસલ્લીકરણેણં,

પાવાણં કમ્માણં નિગ્ઘાયણટ્ઠાએ

ઠામિ કાઉસ્સગ્ગં ॥

**શબ્દાર્થ—**

તસ્સ તેનું
જે જીવવિરાધનાનું પ્રતિક્રમણ કર્યું તેનું અનુસંધાન કરીને આ સૂત્ર કહેવાય છે.

ઉત્તરીકરણેણં–વિશેષ આલોચના અને નિંદા કરવા વડે.

પાયચ્છિત્તકરણેણં–પ્રાયશ્ચિત કરવાવડે.

વિસોહીકરણેણં–વિશેષ ચિત્ત શુદ્ધિ કરવાવડે.

વિસલ્લીકરણેણં–ચિત્તને શલ્ય-રહિત કરવા વડે.

પાવાણં કમ્માણં–પાપ કર્મોનો.

નિગ્ઘાયણટ્ઠાએ–સંપૂર્ણ નાશ કરવા માટે.

ઠામિ કાઉસ્સગ્ગં–કાયોત્સર્ગ કરું છું.

**અર્થસંકલના—**

જીવવિરાધનાનું મેં જે પ્રતિક્રમણ કર્યું તેનું અનુસંધાન કરીને આ સૂત્ર કહું છું. વિશેષ આલોચના અને નિંદા કરવા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વડે, પ્રાયશ્ચિત્ત કરવાવડે, વિશેષ ચિત્તશુદ્ધિ કરવાવડે તથા ચિત્તને શલ્ય રહિત કરવાવડે, પાપકર્મોનો સંપૂર્ણ નાશ કરવા માટે હું કાયોત્સર્ગ કરું છું.

સૂત્રપરિચય—

પ્રતિક્રમણથી સામાન્ય શુદ્ધિ થાય છે અને કાયોત્સર્ગથી વિશેષ શુદ્ધિ થાય છે; તેથી 'મિચ્છા મિ દુક્કડં' રૂપ પ્રતિક્રમણ કર્યા પછી કાયોત્સર્ગ કરવામાં આવે છે. આ કાયોત્સર્ગમાં ચાર ક્રિયાઓ કરવાની હોય છે. પહેલી ક્રિયા થયેલા અતિચાર માટે વિશેષ આલોચના અને નિંદા કરવાની હોય છે. બીજી ક્રિયા તે અંગે શાસ્ત્રમાં કહેલું પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરવાની હોય છે. ઇરિયાવહીના અતિચાર માટે ૨૫ ઉચ્છ્વાસનો કાયોત્સર્ગ કરવાથી પ્રાયશ્ચિત્ત લીધું ગણાય છે. ત્રીજી ક્રિયા ચિત્તની વિશેષ શુદ્ધિ કરવાની હોય છે અને ચોથી ક્રિયા મનની અંદર ઊંડે ઊંડે છુપાઈ રહેલા શલ્યો દૂર કરવાની હોય છે.

શલ્યો ત્રણ છે: માયાશલ્ય, નિદાનશલ્ય, અને મિથ્યાત્વશલ્ય. તેમાં કપટ કરવું, દંભ સેવવો એ માયા કહેવાય છે, ધર્મકરણીનાં ફલ તરીકે સંસારના સુખ-ભોગની ઇચ્છા કરવી તે નિદાન કહેવાય છે. અને સાચી વસ્તુને ખોટી સમજવી ને ખોટી વસ્તુને સાચી સમજવી તે મિથ્યાત્વ કહેવાય છે.

---

# ૭ કાઉસ્સગ્ગસુત્તં

## [ 'અન્નત્થ' સૂત્ર ]

મૂળ—

અન્નત્થ—

ઊસસિએણં નીસસિએણં ખાસિએણં છીએણં જંભાઈએણં ઉડ્ડુએણં વાયનિસગ્ગેણં,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભમલીએ પિત્તમુચ્છાએ,

સુહુમેહિં અંગસંચાલેહિં સુહુમેહિં ખેલસંચાલેહિં સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં,

એવમાઈએહિં આગારેહિં;


અભગ્ગો અવિરાહિઓ હુજ્જ મે કાઉસ્સગ્ગો ।

જાવ અરિહંતાણં ભગવંતાણં નમુક્કારેણં ન પારેમિ, તાવ કાયં ઠાણેણં મોણેણં ઝાણેણં અપ્પાણં વોસિરામિ ॥

શબ્દાર્થ

**અન્નત્થ**-નીચેના અપવાદ પૂર્વકઃ-
**ઊસસિએણં**-શ્વાસ લેવાથી.
**નીસસિએણં**-શ્વાસ મૂકવાથી.
**ખાસિએણં**-ઉધરસ આવવાથી.
**છીએણં**-છીંક આવવાથી.
**જંભાઇએણં**-બગાસું ખાવાથી.
**ઉડ્ડુએણં**-ઓડકાર આવવાથી.
**વાયનિસગ્ગેણં**-વાછૂટ થવાથી.
**ભમલીએ**-ચક્કર આવવાથી.
**પિત્તમુચ્છાએ**-પિત્ત ચડવાને લીધે મૂર્છા આવવાથી.
**સુહુમેહિં અંગસંચાલેહિં**-સૂક્ષ્મ રીતે શરીર ફરકી જવાથી.
**સુહુમેહિં ખેલસંચાલેહિં**-સૂક્ષ્મ રીતે કફ વગેરેનો સંચાર થવાથી.
**સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં**-સૂક્ષ્મ રીતે દૃષ્ટિ ફરકી જવાથી.
**એવમાઇએહિં આગારેહિં**-ઇત્યાદિ (અપવાદના) પ્રકારો વડે.
**અભગ્ગો**-ભાંગેલો નહિ તેવો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અવિરાહિઓ-ખંડિત નહિ થયેલો તેવો.
હુજ્જ-હોજો.
મે-મારો.
કાઉસ્સગ્ગો-કાયોત્સર્ગ.
જાવ-જ્યાં સુધી.
અરિહંતાણં ભગવંતાણં નમુક્કારેણં-અરહંત ભગવાનના નમસ્કાર વડે, અર્થાત્ 'નમો અરિહંતાણં' પદ વડે.
ન પારેમિ-પૂર્ણ કરું નહિ.
તાવ-ત્યાં સુધી.
કાયં-શરીરને.
ઠાણેણં-સ્થાન વડે.
મોણેણં-વાણી-વ્યાપાર સદંતર બંધ કરીને.
ઝાણેણં-ધ્યાન વડે.
અપ્પાણં-મારી.
વોસિરામિ-તદ્દન તજી દઉં છું.

**અર્થ સંકલના—**

શ્વાસ લેવાથી, શ્વાસ મૂકવાથી, ઉધરસ અવવાથી, છીંક આવવાથી, બગાસું આવવાથી, ઓડકાર આવવાથી, વાછૂટ થવાથી, ચક્કર આવવાથી, પિત્ત ચડવાને લીધે મૂર્છા આવવાથી, સૂક્ષ્મ રીતે શરીર ફરકી જવાથી, સૂક્ષ્મ રીતે કફ વગેરેનો સંચાર થવાથી, સૂક્ષ્મ રીતે દૃષ્ટિ ફરકી જવાથી તથા (અગ્નિ સ્પર્શ, શરીર છેદન અથવા સન્મુખ થતો પંચેંદ્રિય વધ, ચોર કે રાજાની દખલગીરી અને સર્પ દંશ) ઈત્યાદિ કારણો ઉપસ્થિત થવાથી જે કાય વ્યાપાર થાય, તેનાથી મારો કાયોત્સર્ગ ભાંગે નહિ કે વિરાધિત થાય નહિ, એવી સમજ સાથે હું ઊભો રહીને મૌન ધારણ કરું છું તથા ચિત્તને ધ્યાનમાં જોડું છું અને જ્યાં સુધી 'નમો અરિહંતાણં' એ પદ બોલીને કાયોત્સર્ગ પારું નહિ, ત્યાં સુધી મારી કાયાનો સંપૂર્ણ ત્યાગ કરું છું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૂત્રપરિચય—

આ સૂત્રમાં કાયોત્સર્ગના આગારો ગણાવેલા છે તથા કાયોત્સર્ગનો સમય, સ્વરૂપ અને પ્રતિજ્ઞા દર્શાવેલાં છે. તેમાં 'અન્નત્થ ઊસસિએણં' થી 'હુજ્જ મે કાઉસ્સગ્ગો' સુધીના ભાગમાં કાયોત્સર્ગના આગારો છે, 'જાવ અરિહંતાણં' થી 'ન પારેમિ તાવ' સુધીના ભાગમાં કાયોત્સર્ગનો સમય છે, 'કાયં' થી 'ઝાણેણં' સુધીના ભાગમાં કાયોત્સર્ગનું સ્વરૂપ છે અને 'અપ્પાણં વોસિરામિ' એ શબ્દોમાં કાયોત્સર્ગની પ્રતિજ્ઞા છે.

## કાયોત્સર્ગ

પ્રશ્ન—કાયોત્સર્ગનો અર્થ શો?

ઉત્તર—કાયાનો ઉત્સર્ગ તે કાયોત્સર્ગ.

પ્રશ્ન—કાય એટલે?

ઉત્તર—દેહ કે શરીર. પરંતુ અહીં તેનો અર્થ પ્રવૃત્તિવાળું શરીર સમજવાનો છે.

પ્રશ્ન—ઉત્સર્ગ એટલે?

ઉત્તર—ત્યાગ.

પ્રશ્ન—આ રીતે કાયોત્સર્ગનો અર્થ શો થયો?

ઉત્તર—પ્રવૃત્તિવાળા શરીરનો ત્યાગ કરવો તે કાયોત્સર્ગ. અર્થાત્ શરીરવડે પ્રવૃત્તિ કરવાનું છોડી દેવું, તેનું નામ કાયોત્સર્ગ.

પ્રશ્ન—શું કાયોત્સર્ગમાં શરીર વડે કોઈ જાતની પ્રવૃત્તિ કરવાની હોતી નથી?

ઉત્તર—કાયોત્સર્ગમાં શરીર વડે તેટલી જ પ્રવૃત્તિ કરવામાં આવે છે કે જે ધ્યાનમાં સ્થિર રહેવા માટે ઉપયોગી હોય.

પ્રશ્ન—દાખલા તરીકે?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉત્તર—એક આસને સ્થિર રહેવું અને વાણીના પ્રવાહને રોકી રાખવો, તે એ જાતની પ્રવૃત્તિ છે.

પ્રશ્ન—એ સિવાય બીજી કોઈ પ્રવૃત્તિ થઇ શકે?

ઉત્તર– ના. એ સિવાય ઇચ્છાપૂર્વકની બીજી કોઈ પ્રવૃત્તિ થઈ શકે નહિ, પણ શરીરની કેટલીક પ્રવૃત્તિ એવી છે, જે ઇચ્છા વિના પણ થયા કરે છે, એટલે તેવી પ્રવૃત્તિઓનો કાયોત્સર્ગમાં અપવાદ રાખવામાં આવે છે. આવા અપવાદને શાસ્ત્રીય ભાષામાં 'આગાર' કહેવામાં આવે છે.

પ્રશ્ન—કાયોત્સર્ગમાં કેટલા આગાર રખાય છે?

ઉત્તર—સોળ. તેમાં બારના નામો સ્પષ્ટ આપેલાં છે અને ચારનાં નામો 'એવમાઇએહિં' પદથી સમજવાનાં છે.

પ્રશ્ન—સોળ આગારનાં નામ ગણાવો?

ઉત્તર—(૧) શ્વાસ લેવો, (૨) શ્વાસ મૂકવો, (૩) ખાંસી આવવી, (૪) છીંક આવવી, (૫) બગાસું આવવું, (૬) ઓડકાર આવવો, (૭) વાછૂટ થવી, (૮) ચકરી આવવી. (૯) પિત્તનો ઉછાળો આવવો, (૧૦) સૂક્ષ્મ રીતે અંગ હાલવું, (૧૧) સૂક્ષ્મ રીતે કફનો બળખો હાલવો, (૧૨) સૂક્ષ્મ રીતે દૃષ્ટિ હાલી જવી, તથા (૧૩) અગ્નિ ફેલાતો આવે, (૧૪) કોઈ શિકારી પ્રાણી સામે આવી જાય કે પંચેન્દ્રિય પ્રાણીનું છેદન-ભેદન કરવા લાગે, (૧૫) કોઈ ચોર કે રાજા ત્યાં આવીને કુકર્મ કરવા લાગે અને (૧૬) સર્પદંશ થાય કે થવાની સંભાવના ઊભી થાય તો તે સ્થાન છોડી જવું. તાત્પર્ય કે આટલી વસ્તુઓથી કાયોત્સર્ગની પ્રતિજ્ઞાનો ભંગ થયો ગણાય નહિ.

પ્રશ્ન—કાયોત્સર્ગમાં શું કરાય?

ઉત્તર—ધર્મધ્યાન.

---

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૮ ચઉવીસત્થયસુત્તં

## [ 'લોગસ્સ' સૂત્ર ]

મૂળ—

[ સિલોગો ]

લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયરે જિણે ।
અરિહંતે કિત્તઇસ્સં, ચઉવીસં પિ કેવલી ॥૧॥

[ ગાહા ]

ઉસભમજિઅં ચ વંદે, સંભવમભિણંદણં ચ સુમઇં ચ ।
પઉમપ્પહં સુપાસં, જિણં ચ ચંદપ્પહં વંદે ॥૨॥
સુવિહિં ચ પુપ્ફદંતં, સીઅલસિજ્જંસવાસુપૂજ્જં ચ ।
વિમલમણંતં ચ જિણં, ધમ્મં સંતિં ચ વંદામિ ॥૩॥
કુંથું અરં ચ મલ્લિં, વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ
વંદામિ રિટ્ઠનેમિં, પાસં તહ વદ્ધમાણં ચ ॥ ૪ ॥
એવં મએ અભિથુઆ, વિહુયરયમલા પહીણજરમરણા
ચઉવીસં પિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ ॥ ૫ ॥
કિત્તિયવન્દિયમહિયા, જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા ।
આરુગ્ગબોહિલાભં, સમાહિવરમુત્તમં દિંતુ ॥૬॥
ચંદેસુ નિમ્મલયરા, આઇચ્ચેસુ અહિયં પયાસયરા ।
સાગરવરગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ ॥ ૭ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દાર્થ—

લોગસ્સ-લોકનો, પંચાસ્તિકાય સ્વરૂપ લોકનો, ચૌદ રાજલોકનો.

ઉજ્જોઅગરે પ્રકાશ કરનારાઓને.

ધમ્મતિત્થયરે-ધર્મરૂપી તીર્થને પ્રવર્તાવનારાઓને.

જિણે-જિનોને, રાગદ્વેષના વિજેતાઓને.

અરિહંતે-અર્હંતોને,ત્રિલોક પૂજ્યોને.

કિત્તઇસ્સં-હું નામોચ્ચારણ પૂર્વક સ્તવીશ.

ચઉવીસં-ચોવીસને.

પિ- અને, વળી (અર્થાત્ બીજાઓને પણ)

કેવલી-કેવળજ્ઞાનીઓને,

ઉસભં-શ્રીઋષભદેવ નામના પ્રથમ તીર્થંકરને.

અજિઅં-શ્રીઅજિતનાથ નામના બીજા તીર્થંકરને.

ચ-અને.

વંદે-વંદું છું.

સંભવં-શ્રીસંભવનાથ નામના ત્રીજા તીર્થંકરને.

અભિણંદણં--શ્રીઅભિનંદનસ્વામી નામના ચોથા તીર્થંકરને.

ચ-અને.

સુમઇં-શ્રીસુમતિનાથ નામના પાંચમા તીર્થંકરને.

ચ-અને.

પઉમપ્પહં-શ્રી પદ્મપ્રભસ્વામી નામના છઠ્ઠા તીર્થંકરને.

સુપાસં-શ્રીસુપાર્શ્વનાથ નામના સાતમા તીર્થંકરને.

જિણં-જિનને.

ચ-અને

ચંદપ્પહં-શ્રી ચન્દ્રપ્રભસ્વામી નામના આઠમા તીર્થંકરને

વંદે-વંદું છું.

સુવિહિં-શ્રીસુવિધિનાથ નામના નવમા તીર્થંકરને.

ચ-અથવા.

પુપ્ફદંતં-પુષ્પદન્તને. [શ્રીસુવિધિનાથનું આ બીજું નામ છે]

સીઅલસિજ્જંસવાસુપુજ્જં-શ્રીશીતલનાથ નામના દસમા તીર્થંકરને, શ્રીશ્રેયાંસનાથ નામના અગિયારમા તીર્થંકરને, તથા શ્રીવાસુપૂજ્યસ્વામી નામના બારમા તીર્થંકરને.

ચ-અને.

વિમલં-શ્રીવિમલનાથ નામના તેરમા તીર્થંકરને.

અણંતં-શ્રીઅનંતનાથ નામના—ચૌદમા તીર્થંકરને.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચ-અને.
જિણું-જિનને.
ધમ્મં-શ્રીધર્મનાથ નામના પંદરમા તીર્થંકરને.
સંતિં-શ્રીશાન્તિનાથ નામના સોળમા તીર્થંકરને
ચ-અને.
વંદામિ-વંદું છું.
કુંથું-શ્રીકુન્થુનાથ નામના સત્તરમા તીર્થંકરને.
અરં-શ્રીઅરનાથ નામના અઢારમા તીર્થંકરને.
ચ-અને
મલ્લિં-શ્રીમલ્લિનાથ નામના ઓગણીસમા તીર્થંકરને.
વંદે-વંદું છું.
મુણિસુવ્વયં-શ્રીમુનિસુવ્રતસ્વામી નામના વીશમા તીર્થંકરને.
નમિજિણું-શ્રી નમિનાથ નામના એકવીસમા તીર્થંકરને.
ચ-અને.
વંદામિ-વંદન કરું છું.
રિટ્ઠનેમિં-શ્રીઅરિષ્ટનેમિ અથવા નેમિનાથ નામના બાવીસમા તીર્થંકરને.
પાસં-શ્રીપાર્શ્વનાથ નામના ત્રેવીસમા તીર્થંકરને.
તહ-તથા.
વદ્ધમાણું-શ્રીવર્ધમાનસ્વામી અથવા શ્રીમહાવીરસ્વામી નામના ચોવીસમા તીર્થંકરને.
ચ-અને.
એવં-એવી રીતે.
મએ-મારા વડે.
અભિથુઆ-નામપૂર્વક સ્તવાયેલા.
વિહુયરયમલા-દૂર કર્યા છે રજ અને મલરૂપી કર્મોને જેમણે.
વિહુય-દૂર કર્યાં છે.
રય-બંધાતાં કર્મ.
મલ-પૂર્વે બંધાયેલાં કર્મ.
પહીણજરમરણા-સંપૂર્ણ રીતે નષ્ટ થયા છે વૃદ્ધાવસ્થા અને મૃત્યુ જેમના એવા.
પહીણ-સંપૂર્ણરીતે નષ્ટ થયા છે.
જરા-વૃદ્ધાવસ્થા
મરણ-મૃત્યુ.
ચઉવીસં પિ-ચોવીસ અને બીજા.
જિણવરા-જિનવરો, કેવળજ્ઞાનીઓ.
તિત્થયરા-તીર્થંકરો.
મે-મારા ઉપર.
પસીયંતુ-પ્રસન્ન થાઓ, પ્રસાદવાળા થાઓ.
કિત્તિયવંદિયમહિયા-પોત-પોતાના નામથી સ્તવાયેલા, મન વચન કાયા વડે નમસ્કાર કરાયેલા અને પુષ્પો આદિથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂજાયેલા.

કિત્તિય–પોતપોતાના નામથી સ્તવાયેલા.

વંદિય–મન, વચન કાયા વડે નમસ્કાર કરાયેલા.

મહિય–પુષ્પો આદિથી પૂજાયેલા.

જે એ–જે આ.

લોગસ્સ–લોકને વિષે, પ્રાણી–સમૂહને વિષે.

ઉત્તમા–ઉત્તમ.

સિદ્ધા–સિદ્ધ (કૃતકૃત્ય) થયેલા.

આરુગ્ગ-બોહિલાભં–સિદ્ધપણું અને તે માટે (ભવાંતરમાં) શ્રી જિનપ્રણીત ધર્મની પ્રાપ્તિને.

આરુગ્ગ–રોગ ન હોય તેવી સ્થિતિ એટલે સિદ્ધપણું

બોહિલાભ–પરલોકમાં જિન–ધર્મની પ્રાપ્તિ.

સમાહિવરં શ્રેષ્ઠ એવી સમાધિ,ભાવ-સમાધિ.

ઉત્તમં-શ્રેષ્ઠ.

દિંતુ–આપો.

ચંદેસુ-ચન્દ્રોથી.

નિમ્મલયરા–વધારે નિર્મલ, વધારે સ્વચ્છ.

આઈચ્ચેસુ–સૂર્યોથી.

અહિયં–વધારે

પયાસયરા–પ્રકાશ (અજવાળું) કરનારા.

સાગરવરગંભીરા-શ્રેષ્ઠ સાગર એટલે સ્વયંભૂરમણ સમુદ્ર, તે કરતાં પણ વધારે ગંભીર.

સિદ્ધા–કૃતકૃત્ય થયેલા.

સિદ્ધિં–સિદ્ધિ.

મમ–મને.

દિસંતુ–આપો.

**અર્થસંકલના—**

પંચાસ્તિકાય સ્વરૂપ લોકનો યા તો ચૌદ રાજલોકનો પ્રકાશ કરનારા, ધર્મરૂપી તીર્થને પ્રવર્તાવનારા, રાગ–દ્વેષના વિજેતા, કેવળજ્ઞાની એવા ચોવીસેય તેમ જ બીજા પણ (અન્ય ક્ષેત્રમાં થયેલા) અર્હત્ ભગવંતોને હું નામોચ્ચારણપૂર્વક સ્તવીશ. ૧.

શ્રીઋષભદેવ અને શ્રીઅજિતનાથ, શ્રીસંભવનાથ, શ્રીઅભિનંદનસ્વામી, શ્રીસુમતિનાથ, શ્રીપદ્મપ્રભસ્વામી, શ્રીસુપાર્શ્વનાથ અને શ્રીચંદ્રપ્રભજિનને હું વંદન કરું છું. ૨.

શ્રીસુવિધિનાથ કે જેમનું બીજું નામ પુષ્પદંત છે તેમને શ્રીશીતલનાથ, શ્રીશ્રેયાંસનાથ, શ્રીવાસુપૂજ્યસ્વામી શ્રીવિમલનાથ, શ્રીઅનંતનાથ, શ્રીધર્મનાથ તથા શ્રીશાન્તિનાથ જિનને હું વંદન કરું છું. ૩.

શ્રીકુન્થુનાથ, શ્રીઅરનાથ, શ્રીમલ્લિનાથ, શ્રીમુનિસુવ્રતસ્વામી, શ્રીનમિનાથ, શ્રીઅરિષ્ટનેમિ, શ્રીપાર્શ્વનાથ તથા શ્રીવર્દ્ધમાનજિનને (શ્રીમહાવીરસ્વામી)ને હું વંદન કરું છું. ૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એવી રીતે મારા વડે નામપૂર્વક સ્તવાયેલા, દૂર કર્યાં છે. રજ અને મલરૂપી કર્મોને જેમણે અને જેમનાં જરા મરણ સંપૂર્ણરીતે નષ્ટ થયેલાં છે એવા ચોવીસેય તેમજ અન્ય પણ કેવળજ્ઞાની શ્રી તીર્થંકર ભગવંતો મારા પર પ્રસન્ન થાઓ.

પોતપોતાના નામથી સ્તવાયેલા, મન–વચન–કાયા વડે વંદાયેલા અને પુષ્પો આદિથી પૂજાયેલા જે આ લોકમાં ઉત્તમ છે અને કૃતકૃત્ય થયેલા છે, તેઓ (શ્રી તીર્થંકર ભગવંતો) મને આરોગ્ય (સિદ્ધપણું) પ્રાપ્ત કરવા માટે બોધિલાભ અને શ્રેષ્ઠ ભાવસમાધિ આપો. ૬.

ચંદ્રો કરતાં પણ વધારે નિર્મળ, સૂર્યો કરતાં પણ વધારે પ્રકાશ કરનારા, સ્વયંભૂરમણ સમુદ્ર કરતાં પણ ગંભીર અને કૃતકૃત્ય થયેલા તેઓ મને સિદ્ધિ–મોક્ષ આપો. ૭

**સૂત્રપરિચય—**

આ સૂત્રમાં ચોવીસ તીર્થંકરોનું સ્તવન કરવામાં આવ્યુ છે, તેથી તે 'ચઉવીસત્થયસુત્ત' કે 'ચતુર્વિંશતિ–જિન–સ્તવ' તરીકે ઓળખાય છે.

સૂત્રની પહેલી ગાથામાં જણાવ્યું છે કે હું જે ચોવીશ અર્હત્ ભગવંતોની સ્તુતિ કરીશ તે લોકનો પ્રકાશ કરનારા છે અર્થાત્ આ વિશ્વના તમામ પદાર્થોનું સર્વસ્વરૂપ જાણનારા છે, ધર્મરૂપી તીર્થની સ્થાપના કરનારા છે, જિન છે અને કેવળજ્ઞાની છે.

સૂત્રની બીજી ત્રીજી અને ચોથી ગાથામાં ચોવીશ તીર્થંકરોનાં નામ લઈને વંદના કરવામાં આવી છે અને પાંચમી, છઠ્ઠી તથા સાતમી ગાથામાં તેમને પ્રાર્થના કરવામાં આવી છે.


આ પ્રાર્થનામાં પ્રથમ તેમનો પ્રસાદ (કૃપા) માગ્યો છે, પછી આરોગ્ય એટલે મોક્ષ, તેને માટે બોધિલાભ અને ઉત્તમ ભાવસમાધિ માગી છે અને છેવટે સિદ્ધિની ઇચ્છા પ્રકટ કરી છે.

અરિહંત ભગવાનનું સ્તવન કરવાથી સમ્યક્ત્વની શુદ્ધિ થાય છે અને પરિણામે મુક્તિ પ્રાપ્ત થાય છે.

કાયોત્સર્ગમાં આ સૂત્રના પ્રત્યેક શબ્દનો અર્થ વિચારવામાં આવે તો ભાવનો ઉલ્લાસ થાય છે, ચિત્તની શુદ્ધિ થાય છે અને ધ્યાન માટેની યોગ્યતા આવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org


# ચોવીશ તીર્થંકરનાં લાંછનો




શ્રી ઋષભદેવથી શ્રી વાસુપૂજ્યસ્વામી સુધીના
અર્હત્ ભગવંતોનાં લાંછનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ચોવીશ તીર્થંકરનાં લાંછનો




શ્રી વિમલનાથથી શ્રી મહાવીરસ્વામી સુધીના અર્હત્ ભગવંતોનાં લાંછનો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૨૪ તીર્થંકરોનાં માતાપિતા, જન્મસ્થાન,

| તીર્થંકરોનાં નામ | પિતા | માતા | જન્મસ્થાન |
|---|---|---|---|
| ૧ ઋષભદેવ | નાભિ | મરુદેવા | અયોધ્યા |
| ૨ અજિતનાથ | જિતશત્રુ | વિજયા | ,, |
| ૩ સંભવનાથ | જિતારિ | સેના | શ્રાવસ્તી |
| ૪ અભિનંદનસ્વામી | સંવર | સિદ્ધાર્થી | અયોધ્યા |
| ૫ સુમતિનાથ | મેઘરથ | સુમંગલા | ,, |
| ૬ પદ્મપ્રભસ્વામી | શ્રીધર | સુસીમા | કૌશાંબી |
| ૭ સુપાર્શ્વનાથ | સુપ્રતિષ્ઠ | પૃથ્વી | કાશી |
| ૮ ચંદ્રપ્રભસ્વામી | મહાસેન | લક્ષ્મણા | ચંદ્રપુરી |
| ૯ સુવિધિનાથ | સુગ્રીવ | રામા | કાકંદી |
| ૧૦ શીતલનાથ | દૃઢરથ | નંદા | ભદ્દિલપુર |
| ૧૧ શ્રેયાંસનાથ | વિષ્ણુરાજ | વિષ્ણુ | સિંહપુર |
| ૧૨ વાસુપૂજ્યસ્વામી | વસુપૂજ્ય | જયા | ચંપા |
| ૧૩ વિમલનાથ | કૃતવર્મા | શ્યામા | કાંપિલ્યપુર |
| ૧૪ અનંતનાથ | સિંહસેન | સુયશા | અયોધ્યા |
| ૧૫ ધર્મનાથ | ભાનુ | સુવ્રતા | રત્નપુર |
| ૧૬ શાંતિનાથ | વિશ્વસેન | અચિરા | હસ્તિનાપુર |
| ૧૭ કુંથુનાથ | સૂર | શ્રી | ,, |
| ૧૮ અરનાથ | સુદર્શન | દેવી | ,, |
| ૧૯ મલ્લિનાથ | કુંભ | પ્રભાવતી | મિથિલા |
| ૨૦ મુનિસુવ્રતસ્વામી | સુમિત્ર | પદ્મા | રાજગૃહ |
| ૨૧ નમિનાથ | વિજય | વપ્રા | મિથિલા |
| ૨૨ નેમિનાથ | સમુદ્રવિજય | શિવા | શૌરિપુર |
| ૨૩ પાર્શ્વનાથ | અશ્વસેન | વામા | કાશી |
| ૨૪ વર્ધમાનસ્વામી | સિદ્ધાર્થ | ત્રિશલા | ક્ષત્રિયકુંડ |

Jain Education International . For Private & Personal Use Only www.jainelibrary.org

# લાંછન, શરીરમાન વગેરેનો કોઠો.

| લાંછન | શરીર | વર્ણ | આયુષ્ય |
|---|---|---|---|
| વૃષભ | ૫૦૦ ધનુષ્ય | સુવર્ણ | ૮૪ લાખ પૂર્વ |
| હસ્તી | ૪૫૦ ,, | ,, | ૭૨ ,, ,, |
| અશ્વ | ૪૦૦ ,, | ,, | ૬૦ ,, ,, |
| વાનર | ૩૫૦ ,, | ,, | ૫૦ ,, ,, |
| ક્રૌંચ પક્ષી | ૩૦૦ ,, | ,, | ૪૦ ,, ,, |
| કમલ | ૨૫૦ ,, | રક્ત | ૩૦ ,, ,, |
| સ્વસ્તિક | ૨૦૦ ,, | સુવર્ણ | ૨૦ ,, ,, |
| ચંદ્ર | ૧૫૦ ,, | શ્વેત | ૧૦ ,, ,, |
| મગર | ૧૦૦ ,, | ,, | ૨ ,, ,, |
| શ્રીવત્સ | ૯૦ ,, | સુવર્ણ | ૧ ,, ,, |
| ગેંડો | ૮૦ ,, | ,, | ૮૪ ,, વર્ષ |
| પાડો | ૭૦ ,, | રક્ત | ૭૨ ,, ,, |
| વરાહ | ૬૦ ,, | સુવર્ણ | ૬૦ ,, ,, |
| સિંચાણો | ૫૦ ,, | ,, | ૩૦ ,, ,, |
| વજ્ર | ૪૫ ,, | ,, | ૧૦ ,, ,, |
| મૃગ | ૪૦ ,, | ,, | ૧ ,, ,, |
| બકરો | ૩૫ ,, | ,, | ૯૫ હજાર ,, |
| નંદ્યાવર્ત | ૩૦ ,, | ,, | ૮૪ ,, ,, |
| કુંભ | ૨૫ ,, | નીલ | ૫૫ ,, ,, |
| કાચબો | ૨૦ ,, | શ્યામ | ૩૦ ,, ,, |
| નીલકમલ | ૧૫ ,, | સુવર્ણ | ૧૦ ,, ,, |
| શંખ | ૧૦ ,, | શ્યામ | ૧ ,, ,, |
| સર્પ | ૯ હાથ | નીલ | ૧૦૦ વર્ષ |
| સિંહ | ૭ હાથ | સુવર્ણ | ૭૨ ,, |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૯ સામાઈયસુત્તં

## [ 'કરેમિ ભંતે' સૂત્ર ]

મૂળ—

કરેમિ ભંતે ! સામાઇયં, સાવજ્જં જોગં પચ્ચક્ખામિ। જાવ નિયમં પજ્જુવાસામિ દુવિહં તિવિહેણં, મણેણં વાયાએ કાએણં, ન કરેમિ, ન કારવેમિ।

તસ્સ ભંતે ! પડિક્કમામિ નિંદામિ ગરિહામિ અપ્પાણં વોસિરામિ ॥

શબ્દાર્થ—

**કરેમિ**-કરું છું.

**ભંતે !**-હે ભગવન્ ! હે પૂજ્ય !

**સામાઇયં**-સામાયિક.

**સાવજ્જં જોગં**-પાપવાળી પ્રવૃત્તિને.

**પચ્ચક્ખામિ**-પ્રતિજ્ઞાપૂર્વક છોડી દઉં છું.

**જાવ**-જ્યાં સુધી.

**નિયમં**-નિયમને.

**પજ્જુવાસામિ**-સેવું.

**દુવિહં**-કરવા અને કરાવવારૂપ બે પ્રકારે.

**તિવિહેણં**-મન, વચન અને કાયા, એ ત્રણ પ્રકારે.

**મણેણં**-મનથી.

**વાયાએ**-વાણીથી.

**કાએણં**-શરીરથી.

**ન કરેમિ**-નહિ કરું, કરીશ નહિ.

**ન કારવેમિ**-નહિ કરાવું, કરાવીશ નહિ.

**તસ્સ**-તે પાપવાળી પ્રવૃત્તિનું.

**ભંતે !**-હે ભગવન્ ! હે પૂજ્ય !

**પડિક્કમામિ**-પ્રતિક્રમણ કરું છું, નિવૃત્ત થાઉં છું.

**નિંદામિ**-નિંદું છું, ખોટી ગણું છું.

**ગરિહામિ**-ગુરુ સાક્ષીએ નિંદું છું, આપની સમક્ષ સ્પષ્ટ એકરાર કરું છું.

**અપ્પાણં**-પાપવાળી પ્રવૃત્તિ કરનાર મલિન આત્માને.

**વોસિરામિ**-છોડી દઉં છું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અર્થ સંકલના—**

હે પૂજ્ય ! હું સામાયિક કરું છું. તેથી પાપવાળી પ્રવૃત્તિઓને પ્રતિજ્ઞાપૂર્વક છોડી દઉં છું. જ્યાં સુધી હું આ નિયમને સેવું, ત્યાં સુધી મન, વચન અને કાયાવડે પાપવાળી પ્રવૃત્તિ કરીશ નહિ કે કરાવીશ નહિ. અને હે પૂજ્ય ! અત્યાર સુધી તે પ્રકારની જે પાપવાળી પ્રવૃત્તિ કરી હોય, તેમાંથી હું નિવૃત્ત થાઉં છું, તે પાપવાળી પ્રવૃત્તિને હું ખોટી ગણું છું અને તે બાબતનો આપની સમક્ષ સ્પષ્ટ એકરાર કરું છું. હવે હું પાપવાળી પ્રવૃત્તિ કરનાર મલિન આત્માને છોડી દઉં છું.

**સૂત્રપરિચય—**

આ સૂત્ર વડે સામાયિક કરવાની પ્રતિજ્ઞા લેવાય છે.

## સામાયિક (૧)

પ્રશ્ન—સામાયિક શું છે ?

ઉત્તર—સામાયિક એક ધાર્મિક ક્રિયા છે.

પ્રશ્ન—સામાયિક શબ્દનો અર્થ શો ?

ઉત્તર—સમાયની ક્રિયા.

પ્રશ્ન—સમાય કોને કહેવાય ?

ઉત્તર—જેમાં **સમ** એટલે રાગદ્વેષ રહિત સ્થિતિનો **આય** એટલે લાભ થાય, તેને સમાય કહેવાય.

પ્રશ્ન—સામાયિકની ક્રિયા કોણ કરી શકે ?

ઉત્તર—સામાયિકની ક્રિયા કોઈ પણ સ્ત્રી-પુરુષ કરી શકે.

પ્રશ્ન—તે માટે શું કરવું પડે છે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉત્તર—તે માટે શુદ્ધ વસ્ત્ર પહેરીને તથા કટાસણું, મુહપત્તી, ચરવળો નવકારવાળી અને કોઈ પણ ધાર્મિક પુસ્તક લઈને ગુરુ આગળ જવું પડે છે અને ત્યાં વિધિપૂર્વક સામાયિકની પ્રતિજ્ઞા લેવી પડે છે.

પ્રશ્ન—સામયિકની પ્રતિજ્ઞા કેવી રીતે લેવાય છે ?

ઉત્તર—તેમાં પ્રથમ ગુરુને ઉદ્દેશીને કહેવું પડે છે કે 'કરેમિ ભંતે સામાઇયં' એટલે 'હે પૂજ્ય ! હું સામાયક કરું છું' અને પછી તરત જ કહેવું પડે છે કે 'સાવજ્જં જોગં પચ્ચક્ખામિ' એટલે 'હું પાપવાળી પ્રવૃત્તિને પ્રતિજ્ઞાપૂર્વક છોડી દઉં છું.'

પ્રશ્ન—પાપવાળી પ્રવૃત્તિ કેટલા વખતને માટે છોડવામાં આવે છે ?

ઉત્તર—તેનો ખુલાસો કરવા 'જાવ નિયમં પજ્જુવાસામિ' એવો પાઠ બોલવામાં આવે છે તેનો અર્થ એ છે કે જ્યાં સુધી હું આ નિયમને સેવું, ત્યાં સુધી પાપવાળી પ્રવૃત્તિ કરીશ નહિ. એક સામાયિકનો નિયમ બે ઘડી એટલે ૪૮ મિનિટ સુધીનો હોય છે, તેથી પાપવાળી પ્રવૃત્તિ ૪૮ મિનિટ સુધી છોડી દેવાની હોય છે.

પ્રશ્ન—સામાયિકમાં પાપવાળી પ્રવૃત્તિ કેટલી રીતે છોડી દેવામાં આવે છે ?

ઉત્તર—સામાયિકમાં પાપવાળી પ્રવૃત્તિ છ કોટીથી એટલે છ પ્રકારે છોડી દેવામાં છે.

પ્રશ્ન—તે કેવી રીતે ?

ઉત્તર—(૧) પાપવાળી પ્રવૃતિ હું મનથી કરું નહિ.
(૨) પાપવાળી પ્રવૃત્તિ હું મનથી કરાવું નહિ.
(૩) પાપવાળી પ્રવૃતિ હું વચનથી કરું નહિ.
(૪) પાપવાળી પ્રવૃત્તિ હું વચનથી કરાવું નહિં.
(૫) પાપવાળી પ્રવૃત્તિ હું કાયાથી કરુ નહિ.
(૬) પાપવાળી પ્રવૃત્તિ હું કાયાથી કરાવું નહિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રશ્ન—પાપવાળી પ્રવૃત્તિ કુલ કેટલી કોટિથી છોડી શકાય છે ?

ઉત્તર—નવ કોટિથી.

પ્રશ્ન—તેમાંની કઈ ત્રણ કોટિ આ પ્રતિજ્ઞામાં આવતી નથી ?

ઉત્તર— (૧) કોઈ પાપવાળી પ્રવૃત્તિ કરતો હોય તો તેને મનથી હું અનુમોદું નહિ.

(૨) કોઈ પાપવાળી પ્રવૃત્તિ કરતો હોય તો તેને વચનથી હું અનુમોદું નહિ.

(૩) કોઈ પાપવાળી પ્રવૃત્તિ કરતો હોય તો તેને કાયાથી હું અનુમોદું નહિ.

જેઓ ગૃહસ્થદશામાં છે, તેઓ આ ત્રણ કોટિથી પ્રતિજ્ઞા કરી શકે નહિ.

પ્રશ્ન—પછી શું કરવામાં આવે છે ?

ઉત્તર—પછી 'તસ્સ ભંતે ! પડિક્કમામિ નિંદામિ ગરિહામિ અપ્પાણં વોસિરામિ' એ પાઠ બોલીને અત્યાર સુધીમાં જે પાપવાળી પ્રવૃત્તિ કરી હોય, તેનું પ્રતિક્રમણ કરવામાં આવે છે. ફરી પાપવાળી પ્રવૃત્તિ કરવાનું મન ન થાય તે માટે આવું પ્રતિક્રમણ જરૂરી છે.

પ્રશ્ન—સાધુઓ કેવી રીતે સામાયિક કરે ?

ઉત્તર—સાધુઓ દીક્ષા લેતી વખતે જીવનભર સામાયિક કરવાની પ્રતિજ્ઞા લે છે, એટલે તેઓ હર વખત સામાયિકમાં જ હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૧૦ સામાઈયપારણસુત્તં

## [ સામાયિક પારવાનું સૂત્ર ]

**મૂળ—**

[ ગાહા ]

સામાઇયવયજુત્તો, જાવ મણે હોઈ નિયમસંજુત્તો ।
છિન્નઇ અસુહં કમ્મં, સામાઇય જત્તિયા વારા ॥ ૧ ॥
સામાઈયમ્મિ ઉ કએ, સમણો ઈવ સાવઓ હવઈ જમ્હા ।
એએણ કારણેણં, બહુસો સામાઇયં કુજ્જા ॥ ૨ ॥

સામાયિક વિધિએ લીધું, વિધિએ પાર્યું, વિધિ કરતાં જે કોઈ અવિધિ હુવો હોય, તે સવિ હું મન-વચન કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં ॥

(દસ મનના, દસ વચનના બાર કાયાના એ બત્રીસ દોષમાંથી જે કોઇ દોષ લાગ્યો તે, મન, વચન, કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં ॥)

**શબ્દાર્થ—**

**સામાઈયવયજુત્તો**–સામાયિક વ્રતથી યુક્ત, સામાયિક વ્રતધારી.
**જાવ**–જ્યાં સુધી.
**મણે**–મનમાં.
**હોઈ**–હોય છે, કરે છે.
**નિયમસંજુત્તો**–નિયમથી જોડાયેલો, નિયમ રાખીને.
**છિન્નઈ**–કાપે છે.
**અસુહં**–અશુભ, પાપવાળા.
**કમ્મં**–કર્મને.
**સામાઈય**–સામાયિક.
**જત્તિયા**–જેટલી.
**વારા**–વાર.
**સામાઈયમ્મિ**–સામાયિકમાં.
**ઉ**–તો.
**કએ**–કર્યે છતે.
**સમણો**–સાધુ.
**ઇવ**–જેવો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાવઓ–શ્રાવક.
હુવઈ–થાય છે.
જમ્હા–જે કારણથી.
એએણ કારણેણં–એ કારણ વડે.

બહુસો–ઘણી વાર.
સામાઇયં–સામાયિક.
કુજ્જા–કરવું જોઈએ.
વિધિ–નક્કી કરેલી પદ્ધતિ.

## અર્થસંકલના––

સામાયિક વ્રતધારી જ્યાં સુધી અને જેટલી વાર મનમાં નિયમ રાખીને સામાયિક કરે છે, ત્યાં સુધી અને તેટલી વાર તે અશુભ કર્મનો નાશ કરે છે. ૧.

સામાયિક કર્યે છતે તો શ્રાવક સાધુ જેવો થાય છે; તેથી સામાયિક વારંવાર કરવું જોઈએ. ૨.

આ સામાયિક મેં વિધિપૂર્વક ગ્રહણ કર્યું છે અને વિધિપૂર્વક પૂર્ણ કર્યું છે. તે બંને પ્રકારની ક્રિયામાં, જે કોઈ પણ અવિધિ કે ભૂલ થઈ ગઈ હોય, તે સંબંધી મારું પાપ નિષ્ફલ થાઓ. વળી આ સામાયિકના સમય દરમિયાન દસ મનના, દસ વચનના અને બાર કાયાના એમ કુલ બત્રીસ દોષોમાંથી જે કોઈ દોષનું સેવન થઈ ગયું હોય, તે સંબંધી મારું પાપ નિષ્ફલ થાઓ.

## સૂત્રપરિચય –

આ સૂત્ર વડે સામાયિક પારવામાં આવે છે અને ફરી પણ સામાયિક કરવાની ભાવના થાય, તે માટે તેમાં સામાયિકના લાભો દર્શાવેલા છે. વળી સામાયિક ૩૨ દોષો ટાળીને કરવું જોઈએ, તે વાત પણ તેમાં દર્શાવેલી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# સામાયિક (૨)

પ્રશ્ન—સામાયિકથી શો લાભ થાય છે ?

ઉત્તર—સામાયિકથી અશુભ કર્મનો નાશ થાય છે.

પ્રશ્ન—બીજો શો લાભ થાય છે ?

ઉત્તર—સામાયિકથી બીજો લાભ એ થાય છે કે સાધુના જેવું પવિત્ર જીવન ગાળી શકાય છે, એટલે ચારિત્રમાં સુધારો થાય છે.

પ્રશ્ન—શ્રાવકે એક અહોરાત્રમાં કેટલી વાર સામાયિક કરવું જોઈએ ?

ઉત્તર—જો પરિસ્થિતિ અનુકૂળ હોય તો શ્રાવક એક અહોરાત્રમાં ઘણાં સામાયિકો કરે અને અનુકૂળ ન હોય તો ઓછામાં ઓછું એક સામાયિક પણ કરે.

પ્રશ્ન—સામાયિકમાં કેટલા દોષો ટાળવા જોઈએ ?

ઉત્તર—બત્રીશ.

પ્રશ્ન—તેમાં મનના કેટલા ? વચનના કેટલા ? અને કાયાના કેટલા ?

ઉત્તર—તેમાં મનના દશ, વચનના દશ, અને કાયાના બાર.

પ્રશ્ન—સામાયિકમાં મનના દોષો ટાળવા શું કરવું જોઈએ ?

ઉત્તર—(૧) આત્મહિત સિવાય બીજા વિચારો કરવા નહિ.

(૨) લોકો વાહવાહ બોલે એવી ઇચ્છા રાખવી નહિ.

(૩) સામાયિક-દ્વારા ધનલાભની ઇચ્છા રાખવી નહિ.

(૪) બીજા કરતાં સારું સામાયિક કરું છું, માટે ચઢિયાતો છું, તેવો ગર્વ રાખવો નહિ.

(૫) ભયનું સેવન કરવું નહિ.

(૬) સામાયિકના ફલનું નિયાણું કરવું ન હ.

(૭) સામાયિકના ફલ સંબંધી સંશય રાખવો નહિ.

(૮) રોષ રાખીને સામાયિક કરવું નહિ.

(૯) અવિનયથી સામાયિક કરવું નહિ.

(૧૦) અબહુમાનથી સામાયિક કરવું નહિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રશ્ન—સામાયિકમાં વચનના દોષો ટાળવા માટે શું કરવું જોઇએ ?

ઉત્તર—(૧) કડવું, અપ્રિય કે અસત્ય વચન બોલવું નહિ.

(૨) વગર વિચાર્યે બોલવું નહિ.

(૩) શાસ્ત્રની દરકાર રાખ્યા વિના બોલવું નહિ.

(૪) સૂત્રસિદ્ધાંતના પાઠ ટૂંકાવી બોલવા નહિ.

(૫) કોઈની સાથે કલહકારી વચન બોલવું નહિ.

(૬) વિકથા કરવી નહિ. ( સ્ત્રીકથા, ભક્તકથા, (ભોજનની કથા) દેશકથા અને રાજકથા એ ચાર વિકથા કહેવાય છે. )

(૭) કોઇની હાંસી કરનારું વચન કહેવું નહિ.

(૮) સામાયિકના સૂત્રપાઠ અશુદ્ધ બોલવા નહિ.

(૯) અપેક્ષા રહિત બોલવું નહિ.

(૧૦) ગણુગણુતાં બોલવું નહિ.

પ્રશ્ન—સામાયિકમાં કાયાના દોષો ટાળવા માટે શું કરવું જોઇએ ?

ઉત્તર—(૧) પગ પર પગ ચડાવીને બેસવું નહિ.

(૨) ડગમગતા આસને બેસવું નહિ કે જ્યાંથી ઉઠવું પડે તેવા આસને બેસવું નહિ.

(૩) ચારે બાજુ નજર ફેરવીને જોયા કરવું નહિ.

(૪) ઘરકામ કે વેપારવણજને લગતી વાતનો સંજ્ઞાથી પણ ઇશારો કરવો નહિ.

(૫) ભીંત કે થાંભલાનું આલંબન લેવું નહિ.

(૬) હાથ–પગને લાંબાટૂંકા કર્યા કરવા નહિ.

(૭) આળસ મરડવું નહિ.

(૮) હાથ–પગની આંગળીના ટાચકા ફોડવા નહિ.

(૯) શરીર પરથી મેલ ઉતારવો નહિ.

(૧૦) એદીની માફક બેસી રહેવું નહિ.

(૧૧) ઊંઘવું નહિ.

(૧૨) વસ્ત્રને સંકોરવા નહિ.

o o o

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૧૧ જગચિંતામણિસુત્તં

## [ 'જગચિંતામણિ'-ચૈત્યવંદન ]

મૂળ—

[ રોલાછંદ ]

જગચિન્તામણિ ! જગહ નાહ ! જગગુરુ જગરક્ખણ !
જગબંધવ ! જગસત્થવાહ ! જગભાવવિઅક્ખણ !
અટ્ઠાવયસંઠવિઅરૂવ ! કમ્મટ્ઠવિણાસણ !
ચઉવીસ વિ જિણવર ! જયંતુ અપ્પડિહયસાસણ ! ॥૧॥

[ વસ્તુછંદ

કમ્મભૂમિહિં કમ્મભૂમિહિં પઢમસંઘયણિ,
ઉક્કોસય સત્તરિસય, જિણવરાણ વિહરંત લબ્ભઈ;
નવકોડિહિં કેવલીણ, કોડિસહસ્સ નવ સાહુ ગમ્મઇ ।
સંપઇ જિણવર વીસમુણિ, બિહું(હિં) કોડિહિં વરનાણિ,
સમણહ કોડિસહસ્સ દુઅ, થુણિજજઈ નિચ્ચ વિહાણિ ॥ ૨॥
જયઉ સામિય ! જયઉ સામિય ! રિસહ ! સત્તુંજિ,
ઉજ્જિંતિ પહુ નેમિજિણ ! જયઉ વીર ! સચ્ચઉરમંડણ !
ભરુઅચ્છહિં મુણિસુવ્વય ! મહુરિપાસ ! દુહદુરિઅ
ખંડણ ! ।
અવર વિદેહિ તિત્થયરા, ચિહું દિસિ વિદિસિ જિ કે વિ
તીઆણાગયસંપઈય, વંદઉં જિણ સવ્વે વિ ॥ ૩ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[ ગાહા ]

સત્તાણુવઇસહસ્સા લક્ખા છપ્પન્ન અટ્ઠકોડીઓ ।
બત્તીસ સય બાસીયાઈં, તિઅલોએ ચેઈએ વંદે ॥૪॥
પન્નરસ કોડિ સયાઈં, કોડી બાયાલ લક્ખ અડવન્ના ।
છત્તીસ સહસ અસીઈં, સાસયબિંબાઇં પણમામિ ॥૫॥

**શબ્દાર્થ—**

**જગચિંતામણિ !**—જગતમાં ચિંતામણિરત્ન સમાન !
**જગહનાહ !**—જગતના સ્વામીઓ !
**જગગુરુ !**—સમસ્ત જગતના ગુરુઓ !
**જગરક્ખણ !**—જગતનું રક્ષણ કરનારાઓ !
**જગબંધવ !**—જગતના બંધુઓ !
**જગસત્થવાહ !**—જગતને ઇષ્ટ સ્થલે (મોક્ષે) પહોંચાડનારાઓ ! જગતના ઉત્તમ સાર્થવાહો !
**જગભાવવિઅક્ખણ !**—જગતના સર્વભાવોને જાણવામાં તથા પ્રકાશવામાં નિપુણ !
**અટ્ઠાવયસંઠવિઅરૂવ !**—અષ્ટાપદ પર્વત ઉપર સ્થપાયેલી પ્રતિમાવાળા !
**કમ્મટ્ઠવિણાસણ !**—આઠે ય કર્મનો નાશ કરનારા !
**ચઉવીસં વિ**—ચોવીસે
**જિણવર !**—હે જિનવરો ! હે ઋષભાદિ તીર્થંકરો !
**જયંતુ**- જય પામો, જયવંતા વર્તો
**અપ્પડિહયસાસણ !**—અખંડિત શાસનવાળા ! અબાધિત ઉપદેશ દેનારા !
**કમ્મભૂમિહિં**—કર્મભૂમિઓમાં.
**પઢમસંઘયણિ**—પ્રથમ-સંઘયણવાળા, વજ્રઋષભનારાચ સંઘયણવાળા.
સંઘયણ—હાડકાંની વિશિષ્ટ રચના.
**ઉક્કોસય**—વધારેમાં વધારે.
**સત્તરિસય**—એકસોને સિત્તેર.
**જિણવરાણ**—જિનેશ્વરોની.
**વિહરંત**—વિચરતા.
**લબ્ભઇ**—પમાય છે.
**નવકોડિહિં**—નવ કોટિ (ક્રોડ)-
**કેવલીણ**—કેવલીઓની.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કોડિસહસ્સ–હજાર ક્રોડ (દસ અબજ).

નવ–નવ.

સાહુ–સાધુઓ.

ગમ્મઇ–જણાય છે.

સંપઈ–વર્તમાનકાળમાં.

જિણવર–જિનેશ્વરો, તીર્થંકરો.

વીસ–વીસ.

મુણિ–સાધુઓ.

બિહું (હિં)–બે.

કોડિહિં–ક્રોડ.

વરનાણિ–કેવલજ્ઞાનીઓ.

સમણહ–શ્રમણોની (સંખ્યા)

કોડિસહસ્સ દુઇ–બે હજાર ક્રોડ (વીસ અબજ).

થુણિજ્જઈ–સ્તવન કરાય છે.

નિચ્ચ–નિત્ય.

વિહાણિ–પ્રાતઃકાળમાં.

જયઉ–જય પામો.

સામિય ?–હે સ્વામી !

રિસહ ?–શ્રીઋષભદેવ !

સત્તુંજિ–શત્રુંજયગિરિ ઉપર.

ઉજ્જિંતિ–ગિરનાર ઉપર.

પહુનેમિજિણ ! –હે પ્રભુ નેમિજિન !

જયઉ–આપ જયવંત વર્તો.

વીર !–હે વીર ! હે મહાવીર !

સચ્ચઉરિમંડણ !–સત્યપુર (સાચોર)ના શણગારરૂપ !

ભરૂઅચ્છહિં મુણિસુવ્વય !–ભરૂચમાં રહેલા હે મુનિસુવ્રત-સ્વામી !

મહુરિ પાસ !–મથુરામાં વિરાજતા હે પાર્શ્વનાથ !

દુહદુરિઅખંડણ ! –દુઃખ અને પાપનો નાશ કરનાર !

અવર–બીજા (તીર્થંકરો).

વિદેહિ–વિદેહમાં, મહાવિદેહ ક્ષેત્રમાં.

તિત્થયરા–તીર્થંકરો.

ચિહું–ચારે.

દિસિ વિદિસિ–દિશાઓમાં અને વિદિશાઓમાં.

જિં–જે.

કે વિ–કોઈ પણ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તીઆણાગઇયસંપઇય–અતીત, અનાગત અને સાંપ્રતિક. ભૂતકાળ, ભવિષ્યકાળ અને વર્તમાનકાળમાં થયેલા.
વંદઉં–હું વંદું છું.
જિણ જિનોને.
સવ્વે વિ-સર્વેને પણ.
સત્તાણુવઈસહસ્સા–સત્તાણું હજાર (૯૭૦૦૦).
લક્ખા છપ્પન્ન–છપ્પન લાખ (૫૬૦૦૦૦૦).
અટ્ઠકોડીઓ–આઠ ક્રોડ (૮૦૦૦૦૦૦૦).
બત્તીસસય–બત્રીસ સો (૩૨૦૦).
બાસીયાઇં–બ્યાશી (૮૨).
તિઅલોએ-ત્રણે લોક (સ્વર્ગ-મર્ત્ય અને પાતાળ)માં.
ચેઇએ–જિન પ્રાસાદોને.
વંદે-હું વંદું છું.
પન્નરસકોડિસયાઇં–પંદરસો ક્રોડ (૧૫૦૦૦૦૦૦૦૦૦).
કોડી બાયાલ–બેંતાલીસ ક્રોડ–(૪૨૦૦૦૦૦૦૦).
લક્ખ અડવન્ના–અઠ્ઠાવન લાખ (૫૮૦૦૦૦૦).
છત્તીસસહસ–છત્રીસ હજાર (૩૬૦૦૦).
અસીઇં–એંશી (૮૦).
સાસયબિંબાઇં–શાશ્વત બિંબોને.
પણમામિ-હું પ્રણામ કરું છું.

અર્થસંકલના —

જગતમાં ચિંતામણિ રત્નસમાન ! જગતના સ્વામી ! જગતના ગુરુ ! જગતના રક્ષક ! જગતના નિષ્કારણ બંધુ ! જગતના ઉત્તમ સાર્થવાહ ! જગતના સર્વ ભાવોને જાણવામાં તથા પ્રકાશવામાં નિપુણ ! અષ્ટાપદ પર્વત પર (ભરત ચક્રવર્તી દ્વારા) સ્થપાયેલી પ્રતિમાવાળા ! આઠે ય કર્મોનો નાશ કરનારા ! તથા અબાધિત ઉપદેશ દેનારા ! હે ઋષભાદિ ચોવીસે તીર્થંકરો ! આપ જયવંતા વર્તો. ૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કર્મભૂમિઓમાં-પાંચ ભરત, પાંચ ઐરવત અને પાંચ મહાવિદેહમાં વિચરતા વજ્રઋષભનારાચસંઘયણવાળા જિનેશ્વરોની સંખ્યા વધારેમાં વધારે ૧૭૦ની હોય છે, સામાન્ય કેવલીઓની સંખ્યા વધારેમાં વધારે ૯ ક્રોડની હોય છે. અને સાધુઓની સંખ્યા વધારેમાં વધારે નવ હજાર ક્રોડ એટલે ૯૦ અબજની હોય છે. વર્તમાન કાળમાં તીર્થંકરો ૨૦ છે, કેવલજ્ઞાની મુનિઓ ૨ ક્રોડ છે અને શ્રમણો ૨૦૦૦ ક્રોડ એટલે ૨૦ અબજ છે કે જેમનું નિત્ય પ્રાતઃ કાળમાં સ્તવન કરાય છે. ૨.

હે સ્વામી ! જય પામો, જય પામો. શત્રુંજય પર રહેલા હે ઋષભદેવ ! ઉજ્જયંત (ગિરનાર) પર વિરાજમાન હે પ્રભુ નેમિજિન ! સાચોરના શણગારરૂપ હે મહાવીર ! ભરુચમાં રહેલા હે મુનિસુવ્રતસ્વામી ! મથુરામાં વિરાજમાન, દુઃખ અને પાપનો નાશ કરનાર હે પાર્શ્વનાથ ! આપ જયવંતા વર્તો; તથા મહાવિદેહ અને ઐરવત આદિ ક્ષેત્રોમાં તથા ચાર દિશાઓ ને ચાર વિદિશાઓમાં જે કોઈ તીર્થંકરો ભૂતકાળમાં થઇ ગયા હોય; વર્તમાનકાળમાં વિચરતા હોય અને ભવિષ્યમાં હવે પછી થનારા હોય, તે સર્વેને પણ હું વંદું છું. ૩.

ત્રણ લોકમાં રહેલા આઠ ક્રોડ, સત્તાવન લાખ, બસો ને બ્યાશી (૮,૫૭,૦૦,૨૮૨) શાશ્વત ચૈત્યોને હું વંદું છું. ૪.

ત્રણ લોકમાં રહેલા પંદર અબજ, બેંતાળીસ ક્રોડ, અઠ્ઠાવન લાખ, છત્રીસ હજાર ને એંશી-(૧૫,૪૨,૫૮,૩૬,૦૮૦) શાશ્વત બિંબોને હું પ્રણામ કરું છું. ૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## સૂત્રપરિચય—

આ સૂત્રનો ઉપયોગ જુદા જુદા સમયે કરવામાં આવતાં ચૈત્ય-વંદન પ્રસંગે થાય છે. તેની પહેલી ગાથામાં ચોવીસ જિનવરોની સ્તુતિ કરવામાં આવી છે. બીજી ગાથામાં તીર્થંકરો કઈ ભૂમિમાં જન્મે છે, તેમનું સંઘયણ (શરીરનો બાંધો) કેવું હોય છે, તેમની ઉત્કૃષ્ટ અને જઘન્ય સંખ્યા કેટલી હોય છે. તથા તે સમયે કેવળજ્ઞાની અને સાધુ કેટલા હોય છે, તેનું વર્ણન કરેલું છે. ત્રીજી ગાથામાં પાંચ સુપ્રસિદ્ધ તીર્થોના મૂળનાયકોને વંદન કરવામાં આવ્યું છે. તેમાં પહેલું નામ શ્રી શત્રુંજયગિરિનું છે કે જ્યાં શ્રીઆદિનાથ ભગવાન વિરાજે છે. બીજું નામ શ્રી ઉજ્જયંતગિરિ એટલે ગિરનારનું છે કે જ્યાં શ્રી-નેમિનાથ પ્રભુ વિરાજે છે. ત્રીજું નામ સત્યપુર એટલે સાચોરનું છે કે જ્યાં શ્રી મહાવીર જિનેશ્વર વિરાજે છે. ચોથું નામ ભૃગુકચ્છ એટલે ભરુચનું છે કે જ્યાં શ્રી મુનિસુવ્રતસ્વામી વિરાજે છે અને પાંચમું નામ મથુરાનું છે કે જ્યાં એક કાળે શ્રી પાર્શ્વનાથ પ્રભુની ભવ્ય ચમત્કારિક મૂર્તિ વિરાજમાન હતી. ચોથી ગાથામાં શાશ્વત ચૈત્યોની સંખ્યા ગણાવીને તેને વંદના કરવામાં આવી છે તથા પાંચમી ગાથામાં શાશ્વત બિંબોની સંખ્યા ગણાવીને તેને વંદના કરવામાં આવી છે.

આ ચૈત્યવંદન છંદોબદ્ધ હોવાથી સુંદર રીતે ગવાય છે.

તેની ભાષા અપભ્રંશ છે.





Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૧૨ તિત્થવંદણસુત્તં

## [ 'જં કિંચિ' સૂત્ર ]

**મૂળ—**

(ગાહા)

જં કિં ચિ નામ તિત્થં, સગ્ગે પાયાલિ માણુસે લોએ ।
જાઈં જિણબિંબાઈં, તાઈં સવ્વાઈં વંદામિ ॥ ૧ ॥

**શબ્દાર્થ—**

**જં**—જે
**કિંચિ**—કોઈ
**નામ**—આ પદ વાક્યનો અલંકાર છે.
**તિત્થં**—તીર્થ.
**સગ્ગે**—દેવલોકમાં
**પાયાલિ**—પાતાલમાં.
**માણુસે લોએ**—મનુષ્યલોકમાં.
**જાઇં**—જેટલાં.
**જિણબિંબાઇં**—જિનબિંબો.
**તાઈં**—તે.
**સવ્વાઈં**—સર્વેને.
**વંદામિ**—હું વંદન કરું છું.

**અર્થસંકલના—**

દેવલોક, પાતાળ અને મનુષ્યલોકમાં જે કોઈ તીર્થ હોય અને જેટલાં જિનબિંબો હોય તે સર્વેને હું વંદન કરું છું.

**સૂત્રપરિચય—**

આ સૂત્ર ત્રણ લોકમાં રહેલાં સર્વ તીર્થો અને સર્વ જિનબિંબોને વંદન કરવા માટે ઉપયોગી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૧૩ સક્કત્થયસુત્તં

['નમો ત્થુ ણં' સૂત્ર]

મૂળ —

નમો ત્થુ ણં અરિહંતાણં ભગવંતાણં ॥૧॥

આઈગરાણં તિત્થયરાણં સયંસંબુદ્ધાણં ॥૨॥

પુરિસુત્તમાણં પુરિસસીહાણં પુરિસવરપુંડરીઆણં પુરિસવરગંધહત્થીણં ॥૩॥

લોગુત્તમાણં લોગનાહાણં લોગહિઆણં લોગ-પઈવાણં લોગપજ્જોઅગરાણં ॥૪॥

અભયદયાણં ચક્ખુદયાણં મગ્ગદયાણં સરણદયાણં બોહિદયાણં ॥૫॥


ધમ્મદયાણં ધમ્મદેસયાણં ધમ્મનાયગાણં ધમ્મસારહીણં ધમ્મવરચાઉરંતચક્કવટ્ટીણં ॥૬॥

અપ્પડિહયવરનાણદંસણધરાણં વિયટ્ટછઉમાણં ॥૭॥

જિણાણં જાવયાણં તિન્નાણં તારયાણં બુદ્ધાણં બોહયાણં મુત્તાણં મોઅગાણં ॥૮॥

સવ્વન્નૂણં સવ્વદરિસીણં સિવમયલમરુયમણંત-મક્ખયમવ્વાબાહમપુણરાવિત્તિ સિદ્ધિગઈનામધેયં ઠાણં સંપત્તાણં નમો જિણાણં જિઅભયાણં ॥૯॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




ત્રણ મુદ્રાઓ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[ ગાહા ]

જે અ અઈઆ સિદ્ધા, જે અ ભવિસ્સંતિ ણાગએ કાલે ।
સંપઈ અ વટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ ॥૧૦॥

**શબ્દાર્થ—**

**નમો ત્થુ**—નમસ્કાર હો.

**ણં**—વાક્યાલંકાર તરીકે વપરાતો શબ્દ.

**અરિહંતાણં**—અરિહંતોને.

**ભગવંતાણં**—ભગવંતોને.

**આઈગરાણં**—આદિકરોને, શ્રુતધર્મની આદિ કરનારાઓને.

**તિત્થયરાણં**—તીર્થંકરોને, ચતુર્વિધ શ્રમણ સંઘરૂપી તીર્થની સ્થાપના કરનારાઓને.

**સયંસંબુદ્ધાણં**—સ્વયંસંબુદ્ધોને, પોતાની મેળે બોધ પામેલાઓને.

**પુરિસુત્તમાણં**—પુરુષોત્તમોને, પુરુષોમાં જ્ઞાનાદિ ગુણોવડે ઉત્તમોને.

**પુરિસસીહાણં**—જેઓ પુરુષોમાં સિંહ સમાન નિર્ભય છે, તેઓને.

**પુરિસવરપુંડરીઆણં**—જેઓ પુરુષોમાં શ્રેષ્ઠ શ્વેતકમલ સમાન નિર્લેપ છે, તેઓને.

**પુરિસવરગંધહત્થીણં**—જેઓ પુરુષોમાં શ્રેષ્ઠ ગંધહસ્તી સમાન છે, તેઓને.

**લોગુત્તમાણં**—જેઓ લોકમાં ઉત્તમ છે, તેઓને.

**લોગનાહાણં**—લોકના નાથોને.

**લોગહિઆણં**—લોકનું હિત કરનારાઓને.

**લોગપઈવાણં**—જેઓ લોકમાં દીપક સમાન છે, તેઓને.

**લોગપજ્જોઅગરાણં**—લોકમાં પ્રકાશ કરનારાઓને.

**અભયદયાણં**—અભય આપનારાઓને.

**ચક્ખુદયાણં**—નેત્રો આપનારાઓને, શ્રદ્ધારૂપી નેત્રોનું દાન કરનારાઓને.

**મગ્ગદયાણં**—માર્ગ દેખાડનારાઓને.

**સરણદયાણં**—શરણ દેનારાઓને.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**બોહિદયાણં**–બોધિબીજની પ્રાપ્તિ કરાવનારાઓને. જિનપ્રણીત ધર્મની પ્રાપ્તિને 'બોધિ' કહેવામાં આવે છે.

**ધમ્મદયાણં**–ધર્મ સમજાવનારાઓને.

**ધમ્મદેસયાણં**–ધર્મની દેશના આપનારાઓને.

**ધમ્મનાયગાણં**–ધર્મના સાચા સ્વામીઓને.

**ધમ્મસારહીણં**–ધર્મના સારથિઓને, ધર્મરૂપી રથને ચલાવવામાં નિષ્ણાત સારથિઓને.

**ધમ્મવરચાઉરંતચક્કવટ્ટીણં** – ધર્મરૂપી શ્રેષ્ઠ ચતુરંત-ચક્રવર્તીઓને, ચાર ગતિનો નાશ કરનારા ધર્મચક્રનું પ્રવર્તન કરનારા ચક્રવર્તીઓને.

વર–શ્રેષ્ઠ.

ચાઉરંતચક્કવટ્ટી–ચાર ગતિનો નાશ કરનાર ધર્મચક્રનું પ્રવર્તન કરનારા.

**અપ્પડિહયવરનાણદંસણધરાણં**–જેઓ હણાય નહિ એવા કેવલજ્ઞાન અને કેવલદર્શનને ધારણ કરનારા છે, તેઓને.

અપ્પડિહય–હણાય નહિ એવું

**વિયટ્ટછઉમાણં** જેમનું છદ્મસ્થપણું ચાલ્યું ગયું છે, તેઓને, છદ્મસ્થપણાથી રહિતને.

**જિણાણં જાવયાણં**–જિતનારાઓને તથા જિતાવનારાઓને, જેઓ સ્વયં જિન બનેલા છે તથા બીજાઓને જિન બનાવનારા છે, તેઓને.

**તિન્નાણં તારયાણં**–જેઓ સંસાર સમુદ્રનો પાર પામી ગયા છે તથા બીજાઓને પાર પમાડનારા છે, તેઓને.

**બુદ્ધાણં બોહયાણં**–જેઓ પોતે બુદ્ધ છે અને બીજાઓને બોધ પમાડનારા છે, તેઓને.

**મુત્તાણં મોઅગાણં**–જેઓ મુક્ત થયેલા છે તથા બીજાઓને મુક્ત કરાવનારા છે તેઓને.

**સવ્વન્નૂણં સવ્વદરિસીણં**–સર્વજ્ઞોને, સર્વદર્શીઓને.

**સિવમયલમરુયમણંતમક્ખયમવ્વાબાહમપુણરાવિત્તિ**-શિવ, અચલ, અરુજ, અનંત, અક્ષય, અવ્યાબાધ અને અપુનરાવૃત્તિ.

શિવ–ઉપદ્રવોથી રહિત.

અચલ–સ્થિર.

અરુય-વ્યાધિ અને વેદનાથી રહિત.

અનંત–અંતથી રહિત.

અક્ખય–ક્ષય રહિત.

અવ્વાબાહ–કર્મજન્ય પીડાઓથી રહિત.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અપુણરાવિત્તિ**–જ્યાં ગયા પછી પાછું સંસારમાં આવવાનું રહેતું નથી તેવા.
**સિદ્ધિગઈ નામધેયં**–'સિદ્ધિ ગતિ' નામવાળા
**ઠાણં**–સ્થાનને.
**સંપત્તાણં**–પ્રાપ્ત થયેલાઓને.
**નમો**–નમસ્કાર હો.
**જિણાણં**–જિનોને.
**જિઅભયાણં**–ભયોને જિત-નારાઓને.
**જે**–જેઓ.
**અ**–વળી.
**અઇઆ સિદ્ધા**–ભૂતકાળમાં સિદ્ધ થયા છે.
**ભવિસ્સંતિ**–થશે.
**(અ)ણાગએ કાલે**–ભવિષ્ય-કાલમાં.
**સંપઈ**–વર્તમાનકાલમાં.
**અ**–અને.
**વટ્ટમાણા**–વર્તમાન.
**સવ્વે**-સર્વેને.
**તિવિહેણ**–મન, વચન અને કાયાવડે.
**વંદામિ**–હું વંદું છું.

**અર્થસંકલના—**

નમસ્કાર હો અરિહંત ભગવંતોને. ૧.

જેઓ શ્રુતધર્મની આદિ કરનારા છે, ચતુર્વિધ શ્રમણ સંઘરૂપી તીર્થની સ્થાપના કરનારા છે અને પોતાની મેળે બોધ પામેલા છે. ૨.

જેઓ પુરુષોમાં જ્ઞાનાદિ ગુણોવડે ઉત્તમ છે, સિંહ-સમાન નિર્ભય છે. ઉત્તમ શ્વેત કમલ સમાન નિર્લેપ છે, અને (સાત પ્રકારની ઈતિઓને દૂર કરવામાં) ગંધહસ્તી સમાન પ્રભાવશાલી છે. ૩.

જેઓ લોકમાં ઉત્તમ છે, લોકના નાથ છે, લોકના હિતકારી છે, લોકના પ્રદીપ છે અને લોકમાં પ્રકાશ કરનારા છે. ૪.

જેઓ અભયને આપનારા છે, શ્રદ્ધારૂપી નેત્રોનું દાન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરનારા છે, માર્ગને દેખાડનારા છે, શરણને દેનાર છે અને બોધિ બીજની પ્રાપ્તિ કરાવનારા છે. ૫.

જેઓ ધર્મને સમજાવનારા છે, ધર્મની દેશના આપ-નારા છે, ધર્મના સાચા સ્વામી છે, ધર્મરૂપી રથને ચલાવ-વામાં નિષ્ણાત સારથિ છે અને ચાર ગતિનો નાશ કરનારા ધર્મચક્રનું પ્રવર્ત્તન કરનારા ચક્રવર્તી છે. ૬.

જેઓ હણાય નહિ એવા કેવલજ્ઞાન અને કેવલદર્શનને ધારણ કરનારા છે તથા છદ્મસ્થપણાથી રહિત છે. ૭.

જેઓ સ્વયં જિન બનેલા છે તથા બીજાઓને પણ જિન બનાવનારા છે; જેઓ સંસાર સમુદ્રનો પાર પામી ગયેલા છે અને બીજાઓને પણ પાર પમાડનારા છે. જેઓ પોતે બુદ્ધ છે અને બીજાઓને પણ બોધ પમા-ડનારા છે; જેઓ મુક્ત થયેલા છે તથા બીજાઓને પણ મુક્ત કરાવનારા છે. ૮.

જેઓ સર્વજ્ઞ અને સર્વદર્શી છે તથા ઉપદ્રવોથી રહિત, સ્થિર, વ્યાધિ અને વેદનાથી રહિત, અનંત, અક્ષય, કર્મજન્ય પીડાઓથી રહિત અને જ્યાં ગયા પછી પાછું સંસારમાં આવવાનું રહેતું નથી, એવાં સિદ્ધિગતિ નામના સ્થાનને પ્રાપ્ત થયેલા છે, તે જિનોને-ભય જિતનારાઓને નમસ્કાર હો. ૯.

જેઓ ભૂતકાલમાં સિદ્ધ થયા છે, જેઓ ભવિષ્યકાલમાં સિદ્ધ થનારા છે અને જેઓ વર્તમાનકાલમાં અરિહંતરૂપે વર્તમાન છે, તે સર્વેને મન, વચન અને કાયાવડે હું વંદું છું. ૧૦.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૂત્રપરિચય—

'સક્કત્થયસુત્તં' એટલે શક્રસ્તવ નામનું સૂત્ર. જ્યારે જિનેશ્વરદેવ એટલે તીર્થંકર ભગવાન દેવલોકમાંથી ચ્યવીને માતાના ગર્ભમાં આવે છે, ત્યારે શક્ર મહારાજ (ઇંદ્ર) આ સૂત્ર વડે તેમનું સ્તવન કરે છે, તેથી આ સૂત્રને 'શક્રસ્તવ' કહેવાય છે. આ સૂત્રનું બીજું નામ 'પ્રણિપાત દંડક' છે.

## અરિહંતનું સ્વરૂપ

પ્રશ્ન—જિનો કેટલા પ્રકારના છે ?

ઉત્તર—ચાર પ્રકારના : નામજિન, સ્થાપનાજિન, દ્રવ્યજિન અને ભાવજિન.

પ્રશ્ન—નામજિન કોને કહેવાય ?

ઉત્તર—ઋષભ, અજિત વગેરે જિનનાં નામોને નામજિન કહેવાય.

પ્રશ્ન—સ્થાપનાજિન કોને કહેવાય ?

ઉત્તર—સુવર્ણ, રત્ન, પાષાણ વગેરેની જિનપ્રતિમાઓને સ્થાપનાજિન કહેવાય.

પ્રશ્ન—દ્રવ્યજિન કોને કહેવાય ?

ઉત્તર—ભવિષ્યમાં જિન થનારા શ્રેણિક વગેરેના જીવોને દ્રવ્યજિન કહેવાય.

પ્રશ્ન—ભાવજિન કોને કહેવાય ?

ઉત્તર—જેઓ કેવલજ્ઞાન પામીને, અર્હત્ બનીને, સમવસરણમાં બેસી ઉપદેશ આપે છે, તેમને ભાવજિન કહેવાય.

પ્રશ્ન—શક્રસ્તવમાં ક્યા જિનોની વંદના-સ્તુતિ કરવામાં આવી છે ?

ઉત્તર—ભાવજિનોની. તેની છેલ્લી ગાથામાં દ્રવ્યજિનોની પણ વંદના-સ્તુતિ કરવામાં આવી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રશ્ન—એ ભાવજિનો કેવા છે ?

ઉત્તર—અરિહંત (અર્હંત્) છે, ભગવંત છે.

પ્રશ્ન—અરિહંત (અર્હંત્) કોને કહેવા ?

ઉત્તર—જે મહાપુરુષ મનુષ્યો, રાજાઓ અને દેવો વડે પૂજાવાને યોગ્ય હોય તે અર્હંત્ કહેવાય છે.

પ્રશ્ન—ભગવંત કોને કહેવાય ?

ઉત્તર—જે ભગવાળા હોય તેને ભગવંત કહેવાય. ભગ એટલે ઐશ્વર્ય, જ્ઞાન, રૂપ, યશ, શ્રી, ધર્મ અને પુરુષાર્થ.

પ્રશ્ન—અરિહંત ભગવંતોની વંદના-સ્તુતિ કરવાનું કારણ શું ?

ઉત્તર—કારણ એ જ કે તેઓ આદિકર છે, તીર્થંકર છે અને સ્વયં-સંબુદ્ધ છે.

પ્રશ્ન—આદિકર કોને કહેવાય ?

ઉત્તર—જેઓ આદિ કરે તેને આદિકર કહેવાય. અરિહંત ભગવંતો કેવલજ્ઞાનની પ્રાપ્તિ થયા પછી '**उप्पन्नेइ वा, विगमेइ वा, धुवेइ वा**' (ઉત્પન્ન થાય છે, નાશ પામે છે અને છતાં સ્થિર રહે છે. જગતના સ્વભાવનું આ વર્ણન છે), એ ત્રિપદીવડે નવી દ્વાદશાંગી કે નવાં શાસ્ત્રોની આદિ કરે છે, તેથી આદિકર કહેવાય છે.

પ્રશ્ન—તીર્થંકર કોને કહેવાય ?

ઉત્તર—જેઓ તીર્થની સ્થાપના કરે તેને તીર્થંકર કહેવાય. તીર્થો બે જાતનાં છે: દ્રવ્યતીર્થ અને ભાવતીર્થ. તેમાં દ્રવ્યતીર્થવડે નદીઓનો પાર પામી શકાય છે અને ભાવતીર્થવડે સંસાર-સાગરનો પાર પામી શકાય છે. અરિહંતો આવા ભાવતીર્થની સ્થાપના કરે છે, તેથી તીર્થંકર કહેવાય છે. ભાવતીર્થ એટલે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાનો બનેલો ચતુર્વિધ સંઘ, પ્રવચન કે પ્રથમ ગણધર.

પ્રશ્ન—સ્વયંસમ્બુદ્ધ કોને કહેવાય ?

ઉત્તર—જેઓ ગુરુના ઉપદેશ વિના પોતાની જાતે જ સંપૂર્ણ બોધ પામેલા હોય, તેમને સ્વયંસમ્બુદ્ધ કહેવાય.

પ્રશ્ન—અરિહંત ભગવંતોની વન્દના–સ્તુતિ કરવાનું વિશેષ કારણ શું છે ?

ઉત્તર—અરિહંત ભગવંતોની વન્દના–સ્તુતિ કરવાનું વિશેષ કારણ એ છે કે તેઓ પુરુષોત્તમ છે, પુરુષસિંહ છે, પુરુષવરપુંડરીક છે અને પુરુષવરગંધહસ્તી છે.

પ્રશ્ન—પુરુષોત્તમ કોને કહેવાય ?

ઉત્તર—પુરુષોમાં ઉત્તમ હોય તેમને. અરિહંતો જ્ઞાનાદિ ગુણો વડે સર્વ પુરુષોમાં ઉત્તમ હોય છે.

પ્રશ્ન—પુરુષસિંહ કોને કહેવાય ?

ઉત્તર—પુરુષોમાં સિંહ જેવા નિર્ભય હોય તેમને. અરિહંત ભગવંતો સિંહ જેવા નિર્ભય બનીને સત્ય ધર્મની ગર્જના કરે છે.

પ્રશ્ન—પુરુષવરપુંડરીક કોને કહેવાય ?

ઉત્તર—પુરુષોમાં શ્રેષ્ઠ કમલ જેવા નિર્લેપ હોય તેમને. અરિહંત ભગવંતો સંસારમાં ઉત્પન્ન થવા છતાં તેના ભોગોમાં આસક્ત ન બનતાં કમલપત્રની જેમ નિર્લિપ્ત રહીને પવિત્ર જીવન ગુજારે છે.

પ્રશ્ન—પુરુષવરગંધહસ્તી કોને કહેવાય ?

ઉત્તર—પુરુષોમાં ઉત્તમ ગંધહસ્તી જેવા પ્રભાવશાળી હોય તેમને. ગંધહસ્તીનું આગમન થતાં તે પ્રદેશમાંથી બીજા હાથીઓ ભાગી જાય છે તેમ અરિહંત ભગવંતોનો વિહાર થતાં તે પ્રદેશમાંથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અતિવૃષ્ટિ, દુષ્કાળ, મહામારી વગેરે સાતેય પ્રકારની ઇતિઓ ભાગી જાય છે.

પ્રશ્ન—અરિહંત ભગવન્તો લોકને કઇ રીતિએ ઉપયોગી થાય છે ?

ઉત્તર—અરિહંત ભગવંતો લોકોત્તમ હોય છે, તેથી લોકને અનેક રીતે ઉપયોગી થાય છે.

પ્રશ્ન—તેના થોડા દાખલાઓ આપશો ?

ઉત્તર—જરૂર. અરિહંત ભગવંતો લોકના નાથ બને છે, અર્થાત્ રક્ષણ કરવા યોગ્ય સર્વ પ્રાણીઓનું યોગ-ક્ષેમ કરે છે. (યોગ એટલે નહિ મળેલી વસ્તુ મેળવી આપવી અને ક્ષેમ એટલે મળેલી વસ્તુનું રક્ષણ કરવું.) વળી તેઓ લોક હિતકારી બને છે. અર્થાત્ સમ્યક્પ્રરૂપણાવડે વ્યવહારરાશિમાં આવેલા સર્વ જીવોનું હિત કરે છે. વળી તેઓ લોકપ્રદીપ બને છે, અર્થાત્ સર્વ સંજ્ઞી પ્રાણીઓનાં હૃદયમાંથી મોહનો ગાઢ અંધકાર દૂર કરી તેમને સમ્યક્ત્વ પમાડે છે અને તેઓ લોકપ્રદ્યોતકર પણ બને છે, અર્થાત ચૌદ પૂર્વધરોના પણ સૂક્ષ્મ સંદેહો દૂર કરી, તેમને વિશેષ બોધ પમાડી જ્ઞાનનો પ્રકાશ કરે છે. આમ અરિહંત ભગવંતો લોકને અનેક રીતે ઉપયોગી થાય છે.

પ્રશ્ન—અરિહંત ભગવંતોની ઉપયોગિતા કેટલા હેતુઓથી સિદ્ધ થાય છે ?

ઉત્તર—પાંચ હેતુઓથી.

પ્રશ્ન—તે કેવી રીતે ?

ઉત્તર—અરિહંત ભગવંતો અભયદાન આપે છે; અર્થાત્ પ્રાણીઓને સાત પ્રકારના ભયમાંથી મુક્ત કરે છે. ચક્ષુદાન આપે છે; અર્થાત્ આધ્યાત્મિક જીવન માટે જરૂરી એવી શ્રદ્ધા પમાડે છે. માર્ગનું દર્શન કરાવે છે; અર્થાત્ કર્મનો વિશિષ્ટ ક્ષયોપશમ [illegible] થાય તેવો રસ્તો બતાવે છે. શરણનું દાન કરે છે [illegible]; અર્થાત્ તત્ત્વચિંતનરૂપ

સાચું શરણુ આપે છે અને બોધિ પમાડે છે; અર્થાત્ સર્વજ્ઞ-કથિત ધર્મની પ્રાપ્તિ કરાવે છે. આમ પાંચ હેતુઓવડે અરિહંત ભગવંતની ઉપયોગિતા સિદ્ધ થાય છે.

પ્રશ્ન--અરિહંત ભગવંતોની વિશિષ્ટ ઉપયોગિતા કેટલા હેતુઓથી સિદ્ધ થાય છે?

ઉત્તર--પાંચ હેતુઓથી.

પ્રશ્ન--તે કેવી રીતે?

ઉત્તર--અરિહંત ભગવંતો ધર્મનું દાન કરે છે; અર્થાત્ સર્વવિરતિ અને દેશવિરતિરૂપ ચારિત્ર ધર્મ આપે છે. ધર્મની દેશના આપે છે; અર્થાત્ પ્રૌઢ પ્રભાવવાળી ચમત્કારિક વાણીવડે ધર્મનું રહસ્ય સમજાવે છે. ધર્મના નાયક બને છે; અર્થાત્ ચારિત્ર ધર્મને પામે છે, તેનું નિરતિચાર પાલન કરે છે અને તેનું બીજાઓને દાન આપે છે. ધર્મના સારથિ બને છે; અર્થાત્ ધર્મસંઘનું કુશલતાપૂર્વક સંચાલન કરે છે; અને ધર્મના ચતુરંત ચક્રવર્તી બને છે; અર્થાત્ ચાર ગતિનો નાશ કરનારા ધર્મચક્રનું પ્રવર્તન કરે છે. આમ આ પાંચ હેતુઓ વડે અરિહંત ભગવંતોની વિશિષ્ટ ઉપયોગિતા સિદ્ધ થાય છે.

પ્રશ્ન--અરિહંત ભગવંતોનું સ્વરૂપ કેવું હોય છે?

ઉત્તર--અરિહંત ભગવંત કદી ન હણાય એવા કેવલજ્ઞાન અને કેવલદર્શનવાળા હોય છે તથા છદ્મસ્થપણાથી રહિત હોય છે. જેના જ્ઞાનાદિ ગુણો આડે ઘાતી કર્મોનું આવરણ હોય, તે છદ્મસ્થ કહેવાય.

પ્રશ્ન--અરિહંત ભગવંતો મુમુક્ષુઓનો વિકાસ કેટલી હદે કરે છે?

ઉત્તર--અરિહંત ભગવંતો રાગાદિ દોષોને જીતીને જિન બનેલા છે, તેથી મુમુક્ષુઓને પણ રાગાદિ દોષો જીતાડી આપે છે. તેઓ સંસાર સાગર તરીને તીર્ણ થયેલા છે, તેથી મુમુક્ષુઓને પણ સંસાર સાગરથી તારે છે. તેઓ અજ્ઞાનનો નાશ કરી બુદ્ધ થયેલા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે, તેથી મુમુક્ષુઓને પણ બોધ પમાડે છે અને ઘાતી કર્મોનો નાશ કરીને મુક્ત બનેલા છે તેથી મુમુક્ષુઓને પણ ઘાતી કર્મોથી મુક્ત બનાવે છે.

પ્રશ્ન—અરિહંત ભગવંતો ચરમદેહ (છેલ્લું શરીર) છોડયા પછી કેવું સ્થાન પ્રાપ્ત કરે છે?

ઉત્તર—અરિહંત ભગવન્તો ચરમ દેહ છોડયા પછી જ્યાં કોઈ જાતનો ઉપદ્રવ નથી, જ્યાં કોઈ જાતની અસ્થિરતા નથી, જ્યાં કોઇ જાતનો રોગ નથી, જ્યાં અંત આવવાની કોઈ શક્યતા નથી, જ્યાં થોડો પણ ઘટાડો નથી, જ્યાં કોઈપણ જાતની પીડા નથી અને જ્યાં ગયા પછી સંસારમાં ફરી પાછું આવવું પડતું નથી એવું સિદ્ધિગતિ નામનું સ્થાન પ્રાપ્ત કરે છે.

પ્રશ્ન—દ્રવ્યજિનોને કેવી રીતે વંદના સ્તુતિ કરેલી છે?

ઉત્તર—અતીત કાલમાં જે જિનો થઈ ગયા હોય, ભવિષ્યકાલમાં જે જિનો થવાના હોય અને વર્તમાન કાલમાં જે જિનો વિદ્યમાન હોય, તે સર્વેને મન, વચન અને કાયાથી વંદના-સ્તુતિ કરેલી છે,

પ્રશ્ન—આ પ્રકારે ભાવજિનો તથા દ્રવ્યજિનોને વંદના-સ્તુતિ કરવાનું ફલ શું?

ઉત્તર—દર્શન ગુણની શુદ્ધિ અને તે દ્વારા ઉત્તરોત્તર આત્માનો વિકાસ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૧૪ સવ્વચેઇયવંદણ સુત્તં

[ 'જાવંતિ ચેઈયાઈં' સૂત્ર ]

મૂળ—

( ગાહા )

જાવંતિ ચેઇયાઈં, ઉડ્ઢે અ અહે અ તિરિઅલોએ અ ।
સવ્વાઈં તાઈં વંદે ઈહ સંતો તત્થ સંતાઈં ॥ ૧ ॥

શબ્દાર્થ—

જાવંતિ–જેટલાં.
ચેઈયાઇં–ચૈત્યો, જિનપ્રતિમાઓ,
ઉડ્ઢે–ઊર્ધ્વલોકમાં.
અ–અને.
અહે–અધોલોકમાં.
અ–અને.
તિરિઅલોએ–મનુષ્યલોકમાં.
અ–પણ.
સવ્વાઈં તાઈં–તે સર્વેને.
વંદે–હું વંદન કરું છું.
ઇહ–અહીં.
સંતો–રહ્યો છતો.
તત્થ–ત્યાં.
સંતાઇં રહેલાંને.

અર્થસંકલના—

ઊર્ધ્વલોક, અધોલોક અને મનુષ્યલોકમાં જેટલાં પણ ચૈત્યો–જિનબિંબો હોય, તે સર્વેને અહીં રહ્યો છતો ત્યાં રહેલાંને હું વંદન કરું છું.

સૂત્રપરિચય—

ત્રણ લોકમાં રહેલા જિનચૈત્યોને વંદન કરવા માટે આ સૂત્ર ઉપયોગી છે અને તે આશયની શુદ્ધિ કરનારૂં હોવાથી પ્રણિધાનત્રિકમાં સ્થાન પામેલું છે.

○ ○ ○

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૧૫ સવ્વસાહૂવંદણસુત્તં

['જાવંત કે વિ સાહૂ'--સૂત્ર]

**મૂળ—**

(ગાહા)

જાવંત કે વિ સાહૂ, ભરહેરવયમહાવિદેહે અ ।
સવ્વેસિં તેસિં પણઓ, તિવિહેણ તિદંડવિરયાણં ॥૧॥

**શબ્દાર્થ**

**જાવંત કે વિ**–જે કોઈપણ.
**સાહૂ**–સાધુઓ.
**ભરહેરવયમહાવિદેહે**–ભરત ઐરવત અને મહાવિદેહ ક્ષેત્રમાં.
**અ**–અને.
**સવ્વેસિં તેસિં**–તે સર્વેને.
**પણઓ**–નમેલો છું.
**તિવિહેણ**--કરવું કરાવવું અને અનુમોદવું એ ત્રણ પ્રકારે.
**તિદંડવિરયાણં**--જેઓ ત્રણ દંડથી વિરામ પામેલા છે. તેઓને.
**ત્રણ દંડ**–મનથી પાપ કરવું તે મનોદંડ, વચનથી પાપ કરવું તે વચનદંડ અને કાયાથી પાપ કરવું તે કાયદંડ.

**અર્થસંકલના—**

ભરત–ઐરવત અને મહાવિદેહ ક્ષેત્રમાં રહેલા જે કોઈ પણ સાધુઓ, મન, વચન અને કાયાથી પાપવૃત્તિ કરતા નથી, કરાવતા નથી, તેમજ કરતાને અનુમોદતા નથી, તે સર્વેને હું નમેલો છું-નમું છું.

**સૂત્રપરિચય—**

આ સૂત્રનો ઉપયોગ સર્વ સાધુઓને વંદન કરવા માટે થાય છે અને તે આશયની શુદ્ધિ કરનારૂં હોવાથી પ્રણિધાનત્રિકમાં સ્થાન પામેલું છે.

******

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૧૬ પંચપરમેષ્ઠિનમસ્કારસૂત્રમ્

['નમોઽર્હત્' સૂત્ર]

**મૂળ—**

નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ ॥૧॥

**શબ્દાર્થ—**

**નમો**–નમસ્કાર હો.

**અર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય-સર્વસાધુભ્યઃ**–અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય તથા સર્વસાધુઓને.

**અર્થસંકલના—**

અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સર્વસાધુઓને નમસ્કાર હો.

**સૂત્રપરિચય —**

આ સૂત્રવડે પંચપરમેષ્ઠીને નમસ્કાર કરવામાં આવે છે.





Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૧૭ ઉવસગ્ગહર થોત્તં

[ 'ઉપસર્ગહર' સ્તોત્રમ્ ]

**મૂળ—**

( ગાહા )

ઉવસગ્ગહરં પાસં, પાસં વંદામિ કમ્મઘણમુક્કં ।
વિસહરવિસનિન્નાસં, મંગલકલ્લાણઆવાસં ॥ ૧ ॥

વિસહરફુલિંગમંતં, કંઠે ધારેઈ જો સયા મણુઓ ।
તસ્સ ગહરોગમારી–દુટ્ઠજરા જંતિ ઉવસામં ॥ ૨ ॥

ચિટ્ઠઉ દૂરે મંતો, તુજ્ઝ પણામો વિ બહુફલો હોઈ ।
નરતિરિએસુ વિ જીવા, પાવંતિ ન દુક્ખદોગચ્ચં ॥ ૩ ॥

તુહ સમ્મત્તે લદ્ધે, ચિન્તામણિકપ્પપાયવબ્ભહિએ ।
પાવંતિ અવિગ્ઘેણં, જીવા અયરામરં ઠાણં ॥ ૪ ॥

ઈઅ સંથુઓ મહાયસ! ભત્તિભરનિબ્ભરેણ હિઅએણ ।
તા દેવ ! દિજ્જ બોહિં, ભવે ભવે પાસ ! જિણચંદ ! ॥ ૫ ॥

**શબ્દાર્થ—**

**ઉવસગ્ગહરંપાસં**–ઉપદ્રવો ને દૂર કરનાર પાર્શ્વ નામનો યક્ષ જેમને છે એવા.

**પાસં**–તેવીશમા તીર્થંકર શ્રી-પાર્શ્વનાથ ભગવાનને.

**વંદામિ**-હું વંદું છું.

**કમ્મઘણમુક્કં**-કર્મોરૂપી મેઘોથી મુક્ત થયેલ.

કર્મ–આત્માની શક્તિઓને આવરનારી એક પ્રકારની પુદ્ગલની વર્ગણા. ઘન-મેઘ. મુક્ત-મૂકાયેલ, રહિત.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિસહરવિસનિન્નાસં-સર્પોના ઝેરનો નાશ કરનાર, મિથ્યાત્વ આદિ દોષોને દૂર કરનાર.

મંગલકલ્લાણઆવાસં--મંગલ અને કલ્યાણના ગૃહરૂપ.

વિસહરફુલિંગમંતં-'વિસહર ફુલિંગ' નામના મંત્રને

કંઠે ધારેઈ-કંઠને વિષે ધારણ કરે છે, સ્મરણ કરે છે.

જો-જે.

સયા-નિત્ય.

મણુઓ-મનુષ્ય.

તસ્સ-તેના.

ગહરોગમારીદુટ્ઠજરા-ગ્રહો, રોગો, મરકી આદિ ઉત્પાતો તથા વિષમજ્વરો.

ગ્રહો-ગ્રહોની માઠી અસર.

રોગ-સોળ મહારોગ.

મારી-અભિચાર કે મારણ-પ્રયોગ વડે ફાટી નીકળેલો રોગ કે મરકી. દુટ્ઠજરા—દુષ્ટજ્વર, કફજ્વર, વિષમ-જ્વર, સન્નિપાત આદિ.

જંતિ-જાય છે, પામે છે.

ઉવસામં-શાંતિને.

ચિટ્ઠઉ-રહો.

દૂરે-દૂર.

મંતો-(એ) મંત્ર.

તુજ્ઝ-તમને કરેલો.

પણામો-પ્રણામ,

વિ-પણ.

બહુફલો-બહુ ફલ આપનારો.

હોઇ--થાય છે.

નરતિરિએસુ-મનુષ્ય (ગતિ) અને તિર્યંચ ગતિમાં.

વિ-પણ.

જીવા-આત્માઓ.

પાવંતિ-પામે છે.

ન-નહિ.

દુક્ખદોગચ્ચં-દુઃખ તથા દુર્દશાને.

તુહ-તમારા.

સમ્મત્તે લદ્ધે-સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થવાથી.

ચિંતામણિકપ્પપાયવ—બ્ભહિએ-ચિંતામણિ રત્ન અને કલ્પવૃક્ષથી પણ અધિક,

પાવંતિ-પામે છે.

અવિગ્ઘેણં-સરલતાથી, નિર્વિઘ્નપણે.

જીવા-પ્રાણીઓ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અયરામરં ઠાણં-અજરામર સ્થાનને, મુક્તિપદને.
ઈઅ-આ પ્રમાણે.
સંથુઓ-સ્તવાયેલા.
મહાયસ !-હે મહાયશસ્વી ! હે મહાકીર્તિવાળા !
ભત્તિભરનિબ્ભરેણ--ભક્તિના સમૂહથી ભરપૂર.
ભર-સમૂહ. નિર્ભર--ભરેલું
હિઅએણ--હૃદય વડે, અન્તઃકરણથી.
તા-તેથી.
દેવ-હે આરાધ્યદેવ !
દિજ્જ-આપો.
બોહિં-બોધિને, જિન ધર્મની પ્રાપ્તિને.
ભવે ભવે-ભવોભવ, પ્રત્યેક ભવમાં.
પાસ-હે પાર્શ્વનાથ સ્વામી !
જિણચંદ-જિનેશ્વરોમાં ચંદ્ર-સમાન !

**અર્થસંકલના —**

સઘળા ઉપદ્રવોને દૂર કરનાર પાર્શ્વ યક્ષ જેમને છે, (જેમનો સેવક છે), જેઓ કર્મરૂપી મેઘોથી મુક્ત થયેલા છે, (જેઓનું નામસ્મરણ) સર્પોનાં ઝેરનો નાશ કરે છે, તથા મિથ્યાત્વ આદિ દોષો દૂર કરે છે અને જેઓ મંગલ તથા કલ્યાણનાં ગૃહરૂપ છે તેવા શ્રીપાર્શ્વનાથને હું વંદન કરું છું. ૧.

[શ્રીપાર્શ્વનાથ પ્રભુના નામથી યુક્ત] 'વિસહર ફુલિંગ' નામના મંત્રને જે મનુષ્ય કંઠને વિષે ધારણ કરે છે, તેના ગ્રહો, ( ગ્રહદોષો,) રોગો, મરકી વગેરે ઉત્પાતો અને દુષ્ટજ્વરો શાંતિને પામે છે. ૨.

એ ('વિસહરફુલિંગ') મંત્ર તો દૂર રહો, હે પાર્શ્વનાથ-સ્વામી! તમને કરેલો પ્રણામ પણ બહુ ફલ આપનારો થાય છે. તેનાથી (તમને પ્રણામ કરવાથી) મનુષ્ય અને તિર્યંચ--ગતિમાં રહેલા જીવો કોઈ પણ પ્રકારના દુઃખ કે દુર્દશાને પામતા નથી. ૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચિંતામણિરત્ન અને કલ્પવૃક્ષથી પણ અધિક શક્તિ ધરાવનારું તમારું સમ્યક્ત્વ પામવાથી જીવો નિર્વિઘ્નપણે મુક્તિપદને પામે છે. ૪.

હે મહાયશસ્વી! ભક્તિથી ભરપૂર હૈયાવડે આ પ્રમાણે મેં તમને સ્તવ્યા. તેથી હે આરાધ્યદેવ! જિનોમાં ચંદ્રસમાન! શ્રી પાર્શ્વનાથ ભગવંત! મને ભવોભવ બોધિ (જિન ધર્મની પ્રાપ્તિ) આપો. ૫.

સૂત્રપરિચય—

આ સ્તોત્રમાં શ્રીપાર્શ્વનાથ ભગવાનના ગુણોની સ્તવના બહુ સુંદર રીતે કરવામાં આવી છે અને તેનો ઉપયોગ ચૈત્યવંદનમાં સ્તવન તરીકે થાય છે. નવસ્મરણમાં તેનું સ્થાન બીજું ગણાય છે


આ સ્તોત્રની રચના વિષે નીચેની કથા પ્રચલિત છે: શ્રી ભદ્રબાહુ-સ્વામીને વરાહમિહિર નામનો એક ભાઈ હતો. તેણે પણ જૈન દીક્ષા લીધી હતી, પરંતુ કોઈ કારણવશાત્ પાછળથી તે છોડી દીધી હતી અને જ્યોતિષશાસ્ત્રદ્વારા પોતાની મહત્તા બતાવી જૈનસાધુ-ઓની નિંદા કરતો હતો. એકવાર રાજાના પુત્રની જન્મકુંડલી વરાહમિહિરે બનાવી આપી અને કહ્યું કે 'પુત્ર સો વર્ષનો થશે.' રાજાને આ સાંભળી અત્યંત હર્ષ થયો અને વરાહમિહિરનું બહુમાન કર્યું. આ પ્રસંગનો લાભ લઈ વરાહમિહિરે રાજાના કાન ભંભેર્યા કે મહારાજ ! આપને ત્યાં કુંવરનો જન્મ થવાથી બધા રાજી થઇ આપને મળવા આવી ગયા પણ જૈનોના આચાર્ય ભદ્રબાહુ નથી આવ્યા, તેનું કારણ તો જાણો! રાજાએ તે સંબંધમાં તપાસ કરી તો શ્રીભદ્રબાહુસ્વામીએ જવાબ આપ્યો કે નકામું બે વખત શું કામ જવું-આવવું ? એ પુત્ર તો સાતમે દિવસે બિલાડીથી મરણ પામવાનો છે. રાજાએ આ વાત સાંભળી પુત્રની રક્ષા માટે ચોકી પહેરા મૂક્યા અને ગામની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બધી બિલાડીઓને દૂર મોકલાવી દીધી. પરંતુ બન્યું એમ કે સાતમા દિવસે ધાવમાતા બારણામાં બેઠી બેઠી પુત્રને ધવરાવતી હતી, તેવામાં બાલકપર અકસ્માત લાકડાનો આગળિયો પડ્યો અને બાલક મરણ પામ્યો. વરાહમિહિર તો એથી ખૂબ જ શરમાઈ ગયો. શ્રીભદ્રબાહુ એ વખતે રાજાને મળવા ગયા અને સંસારનું સ્વરૂપ સમજાવી ધીરજ આપી. રાજાએ તેમના જ્યોતિષ-જ્ઞાનની પ્રશંસા કરી અને સાથે એ પણ પૂછ્યું કે બિલાડીથી મરણ થશે એ વાત કેમ સાચી ન પડી? એ વખતે સૂરિજીએ લાકડાનો આગળિયો મંગાવ્યો. તો તેના છેડા ઉપર બિલાડીનું મોઢું કોરેલું હતું.

આ પ્રસંગથી વરાહમિહિરનો દ્વેષ વધ્યો અને મરીને તે વ્યંતરદેવ થતાં જૈન સંઘમાં મહામારી-પ્લેગ જેવો રોગચાળો ફેલાવવા લાગ્યો પરંતુ શ્રીભદ્રબાહુસ્વામીએ 'ઉવસગ્ગહર' સ્તોત્ર બનાવીને સંઘને મુખપાઠ કરવા કહ્યું અને તેથી તે ઉપદ્રવ દૂર થયો, ત્યારથી આ સ્તોત્ર પ્રચલિત થયું છે.

આ સ્તોત્રમાં અનેક ચમત્કારી મંત્ર-યંત્રો ગોઠવેલા છે, જે તેના પર રચાયેલી વિવિધ ટીકાઓથી જાણી શકાય તેમ છે. આ સ્તોત્રની મૂળ ગાથાઓ પાંચ જ છે, એટલે વધારે ગાથાવાળા જે સ્તોત્રો મળે છે, તે પાછળથી રચાયેલાં છે.*



* 'ઉવસગ્ગહર સ્તોત્ર'નું વિશેષ રહસ્ય જાણવા માટે જુઓ 'પ્રબોધ-ટીકા,' ભાગ પહેલો, સૂત્ર ૨૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૧૮ પણિહાણ સુત્તં

[ 'જયવીયરાય' સૂત્ર ]

મૂળ—

( ગાહા )

જય વીયરાય ! જગગુરુ !, હોઉ મમં તુહ પભાવઓ
ભયવં ! ।
ભવનિવ્વેઓ મગ્ગાણુસારિઆ ઈટ્ઠફલસિદ્ધી ॥૧॥

લોગવિરુદ્ધચ્ચાઓ, ગુરુજણપૂઆ પરત્થકરણં ચ ।
સુહગુરુજોગો તવ્વયણસેવણા આભવમખંડા ॥૨॥

વારિજ્જઈ જઇ વિ નિયાણ--બંધણં વીયરાય ! તુહ સમએ ।
તહ વિ મમ હુજ્જ સેવા, ભવે ભવે તુમ્હ ચલણાણં ॥૩॥

દુક્ખખઓ કમ્મખઓ, સમાહિમરણં ચ બોહિલાભો અ ।
સંપજ્જઉ મહ એઅં, તુહ નાહ ! પણામકરણેણં ॥૪॥

( અનુષ્ટુપ્ )

સર્વમંગલમાંગલ્યં, સર્વકલ્યાણકારણમ્ ।
પ્રધાનં સર્વધર્માણાં, જૈનં જયતિ શાસનમ્ ॥૫॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શબ્દાર્થ—**

**જય**—તમે જયવંત વર્તો.
**વીયરાય !**—હે વીતરાગ પ્રભુ !
**જગગુરુ !** હે જગદ્ગુરુ !
**હોઉ**—હો.
**મમં**—મને.
**તુહ**—તમારા.
**પભાવઓ**—પ્રભાવથી, સામર્થ્યથી.
**ભયવં !** હે ભગવન્!
**ભવનિવ્વેઓ**—સંસાર પ્રત્યે વૈરાગ્ય.
**મગ્ગાણુસારિઆ**—માર્ગાનુસારિપણું.
**ઇટ્ઠફલસિદ્ધી**—ઇષ્ટફલની સિદ્ધિ
**લોગવિરુદ્ધચ્ચાઓ**—લોક વિરૂદ્ધ પ્રવૃત્તિનો ત્યાગ, લોકવિરૂદ્ધ ગણાય એવા કોઇ પણ કાર્યનો ત્યાગ.
**ગુરુજણપૂઆ**—ધર્માચાર્ય તથા માતા–પિતાદિ વડીલો પ્રત્યે પૂરેપૂરો આદરભાવ.
**પરત્થકરણં**—પરોપકાર કરવો, બીજાનું ભલું કરવું તે.
**સુહગુરુજોગો**—સદ્ગુરુનો યોગ.
**તવ્વયણસેવણા**—તેમનાં વચન પ્રમાણે ચાલવાની શક્તિ.
**આભવં**—જ્યાં સુધી સંસારમાં પરિભ્રમણ કરવું પડે ત્યાં સુધી
**અખંડા**—અખંડ.
**વારિજ્જઇ**—વાર્યું છે.
**જઇ વિ**—જો કે.
**નિયાણબંધણં**—નિયાણું બાંધવું તે.
**તુહ**—તમારા.
**સમયે**—શાસ્ત્રમાં, પ્રવચનમાં.
**તહ વિ**—તેમ છતાં.
**મમ**—મને.
**હુજ્જ**—હોજો
**સેવા**—ભક્તિ, ઉપાસના.
**ભવે ભવે**—જન્મ જન્માંતરને વિષે.
**તુમ્હ**—તમારાં.
**ચલણાણં**—ચરણોની, પગોની.
**દુક્ખખઓ**—દુઃખનો નાશ.
**કમ્મખઓ**—કર્મનો નાશ.
**સમાહિમરણં**—સમાધિમરણ, સમાધિપૂર્વકનું મૃત્યુ.
**અ**—અને.
**બોહિલાભો**—બોધિલાભ, ભવાન્તરમાં જિનધર્મની પ્રાપ્તિ.
**અ**—અને.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સંપજ્જઉ**–પ્રાપ્ત થજો.
**મહ**–મને.
**એઅં**–આ.
**તુહ**–તમને.
**નાહ !**–હે નાથ !
**પણામકરણેણં**–પ્રણામ કરવાથી.
**સર્વમંગલમાંગલ્યં**–સર્વ મંગલોમાં મંગલરૂપ.

**સર્વકલ્યાણકારણમ્**–સર્વ કલ્યાણોનાં કારણરૂપ.
**પ્રધાનં**–શ્રેષ્ઠ.
**સર્વધર્માણામ્**–સર્વ ધર્મોમાં.
**જૈનં**–જૈન.
**જયતિ**–જય પામે છે, જયવંતું વર્તે છે.
**શાસનમ્**–શાસન.

**અર્થસંકલના**—

હે વીતરાગ પ્રભુ ! હે જગદ્દગુરુ ! તમે જયવંત વર્તો. હે ભગવન્ ! તમારા સામર્થ્યથી મને સંસાર પ્રત્યે વૈરાગ્ય, માર્ગાનુસારિપણું, અને ઇષ્ટફલની સિદ્ધિ પ્રાપ્ત થાઓ (જેથી હું ધર્મનું આરાધન સરલતાથી કરી શકું). ૧.

હે પ્રભુ ! (મને એવું સામર્થ્ય પ્રાપ્ત થાઓ કે જેથી, મારું મન લોકવિરૂદ્ધ ગણાય એવું કોઈ પણ કાર્ય કરવા માટે પ્રેરાય નહિ, ધર્માચાર્ય તથા માતાપિતાદિ વડીલો પ્રત્યે પૂરેપૂરો આદરભાવ અનુભવે અને બીજાનું ભલું કરવા માટે ઉજમાળ બને. વળી હે પ્રભો ! મને સદ્દગુરુનો યોગ સાંપડજો, તથા તેમનાં વચનો પ્રમાણે ચાલવાની સંપૂર્ણ શક્તિ પ્રાપ્ત થજો. આ બધું જ્યાં સુધી મારે સંસારમાં પરિભ્રમણ કરવું પડે, ત્યાં સુધી મને પ્રાપ્ત થજો. ૨,

હે વીતરાગ ! તમારા પ્રવચનમાં જો કે નિયાણું બાંધવાનું વાર્યું છે, તેમ (છતાં હું એવી ઇચ્છા કરું છું કે) દરેક ભવમાં તમારા ચરણોની ઉપાસના કરવાનો યોગ મને પ્રાપ્ત થજો. ૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હે નાથ ? તમને પ્રણામ કરવાથી દુઃખનો નાશ, કર્મનો નાશ, સમાધિપૂર્વક મરણ અને ભવાંતરમાં જિનધર્મની પ્રાપ્તિ મને પ્રાપ્ત થજો. ૪.

સર્વ મંગલોમાં મંગલરૂપ, સર્વ કલ્યાણોનું કારણ અને સર્વ ધર્મોમાં શ્રેષ્ઠ એવું જૈન શાસન જયવંતુ વર્તે છે. ૫.

**સૂત્રપરિચય—**

શ્રાવક તથા સાધુઓને દિવસ અને રાત્રિના ભાગમાં જે ચૈત્યવંદનો કરવાનાં હોય છે, તેમાં આ સૂત્ર બોલાય છે. મનનું પ્રણિધાન કરવામાં આ સૂત્ર ઉપયોગી છે, તેથી તેને 'પણિહાણસુત્ત' કહેવાય છે. તેમાં વીતરાગ દેવ આગળ નીચેની વસ્તુઓ માટે પ્રાર્થના કરવામાં આવે છેઃ—

(૧) ભવનિર્વેદ—ફરી ફરીને જન્મ લેવાનો કંટાળો.
(૨) માર્ગાનુસારિતા—જ્ઞાનીઓએ બતાવેલા મોક્ષમાર્ગને અનુસરવાપણું.
(૩) ઇષ્ટફલસિદ્ધિ—ઇચ્છિત ફળની પ્રાપ્તિ.
(૪) લોકવિરુદ્ધત્યાગ — લોકમાં નિન્દ્ય ગણાય તેવાં કામોનો ત્યાગ.
(૫) ગુરુજનોની પૂજા—ધર્મગુરુ, વિદ્યાગુરુ, વડીલો વગેરેની પૂજા.
(૬) પરાર્થકરણ—પરોપકાર કરવાની વૃત્તિ.
(૭) સદ્ગુરુનો યોગ.
(૮) સદ્ગુરુનાં વચનો પ્રમાણે ચાલવાની શક્તિ.
(૯) વીતરાગનાં ચરણોની સેવા.
(૧૦) દુઃખનો નાશ.
(૧૧) કર્મોનો નાશ.
(૧૨) સમાધિમરણ—સમાધિપૂર્વકનું મૃત્યુ.
(૧૩) બોધિલાભ-ભવાંતરમાં જિનધર્મની પ્રાપ્તિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૧૯ ચેઈયથયસુત્તં

[ 'અરિહંતચેઇયાણં' સૂત્ર ]

**મૂળ**—

અરિહંતચેઇયાણં કરેમિ કાઉસ્સગ્ગં ।

વંદણવત્તિયાએ પૂઅણવત્તિયાએ સક્કારવત્તિયાએ સમ્માણવત્તિયાએ બોહિલાભવત્તિયાએ નિરુવસગ્ગવત્તિયાએ,

સદ્ધાએ મેહાએ ધિઈએ ધારણાએ અણુપ્પેહાએ વડ્ઢમાણીએ, ઠામિ કાઉસ્સગ્ગં ॥

**શબ્દાર્થ**—

**અરિહંતચેઈયાણં**–અર્હત્-ચૈત્યોનાં, અર્હત્ પ્રતિમાઓનાં. ચૈત્ય-બિંબ, મૂર્તિ કે પ્રતિમા.

**કરેમિ**–કરું છું.

**કાઉસ્સગ્ગં**–કાયોત્સર્ગ.

**વંદણવત્તિયાએ**–વંદનનિમિત્તે, વંદનનું નિમિત્ત લઈને.

**પૂઅણવત્તિયાએ**–પૂજન નિમિતે, પૂજનનું નિમિત્ત લઈને.

**સક્કારવત્તિયાએ**–સત્કારના નિમિતે, સત્કારનું નિમિત્ત લઈને.

**સમ્માણવત્તિયાએ**–સન્માનના નિમિતે, સન્માનનું નિમિત્ત લઈને.

**બોહિલાભવત્તિયાએ**–બોધિલાભના નિમિતે, બોધિના લાભનું નિમિત્ત લઈને.

**નિરુવસગ્ગવત્તિયાએ**–મોક્ષના નિમિતે, મોક્ષનું નિમિત્ત લઈને.

**સદ્ધાએ**–શ્રદ્ધાવડે, પોતાની ઈચ્છાવડે.

**મેહાએ**–મેધાવડે, સમજણવડે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધિઈએ-ધૃતિવડે, ચિત્તની સ્વસ્થતા વડે.
ધારણાએ-ગુણોને યાદ રાખવાવડે, ધારણાવડે.
અણુપ્પેહાએ-વારંવાર ચિંતન કરવાવડે, અનુપ્રેક્ષાવડે.
વડ્ઢમાણીએ-વૃદ્ધિ પામતી, વધતી જતી.
ઠામિ કાઉસ્સગ્ગં-કાયોત્સર્ગમાં સ્થિર થાઉં છું.

## અર્થસંકલના—

અર્હત્ પ્રતિમાઓનાં આલંબનવડે કાયોત્સર્ગ કરવા ઈચ્છું છું. વંદનનું નિમિત્ત લઈને, પૂજનનું નિમિત્ત લઈને, સત્કારનું નિમિત્ત લઈને, સન્માનનું નિમિત્ત લઈને, બોધિના લાભનું નિમિત્ત લઈને તથા મોક્ષનું નિમિત્ત લઈને વધતી જતી ઈચ્છાવડે, વધતી જતી સમજણવડે, વધતી જતી ચિત્તની સ્વસ્થતાવડે, વધતી જતી ધારણાવડે અને વધતી જતી અનુપ્રેક્ષાવડે હું કાયોત્સર્ગમાં સ્થિર થાઉં છું.

## સૂત્રપરિચય—

આ સૂત્રમાં અરિહંતનાં ચૈત્યોને (સ્થાપના જિનોને) કાયોત્સર્ગ વડે વંદનાદિ કરવાનો વિધિ બતાવેલો છે, તેથી એ 'ચૈત્યસ્તવ' કહેવાય છે.

પ્રશ્ન—ચૈત્ય એટલે ?

ઉત્તર—ચૈત્ય એટલે બિંબ, મૂર્તિ કે પ્રતિમા. જિનમંદિરને પણ ચૈત્ય કહેવામાં આવે છે.

પ્રશ્ન—ચૈત્ય કોનાં બનાવવામાં આવે છે ?

ઉત્તર—ચૈત્ય અરિહંત ભગવંતનાં બનાવવામાં આવે છે, કારણ કે મુખ્ય ઉપાસના-આરાધના તેમની જ કરવાની હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રશ્ન—અરિહંતનાં ચૈત્ય શેનાં બનાવવામાં આવે છે?

ઉત્તર—અરિહંતનાં ચૈત્ય રત્ન, સુવર્ણ, પાષાણ વગેરેનાં બનાવવામાં આવે છે. તે દેખાવમાં ઘણાં સુંદર હોય છે.

પ્રશ્ન—અરિહંતનાં ચૈત્યમાં વિશેષતા શી હોય છે?

ઉત્તર—અરિહંતનાં ચૈત્યમાં વિશેષતા એ હોય છે કે તેનું મુખકમલ પ્રસન્ન હોય છે, તેના ચક્ષુઓમાં શાંતરસ ભરેલો હોય છે, તેના હાથમાં કોઈ જાતનાં શસ્ત્ર-અસ્ત્ર હોતાં નથી, એટલે તે વીતરાગતાનું અપૂર્વ દૃશ્ય ખડું કરે છે.

પ્રશ્ન—અરિહંતનાં ચૈત્યોની ઉપાસના કેવી રીતે કરવામાં આવે છે?

ઉત્તર—અરિહંતનાં ચૈત્યોની ઉપાસના અંગપૂજા, અગ્રપૂજા અને ભાવપૂજાવડે કરવામાં આવે છે.

પ્રશ્ન—અંગપૂજા કોને કહેવાય ?

ઉત્તર—જલ, ચંદન, પુષ્પ વગેરે વડે અરિહંતનાં અંગોનું પૂજન કરવું, તેને અંગપૂજા કહેવાય.

પ્રશ્ન—અગ્રપૂજા કોને કહેવાય?

ઉત્તર—અરિહંતનાં ચૈત્ય આગળ ધૂપ, દીપ, અક્ષત, નૈવેદ્ય, ફલ વગેરે મૂકવાં, તેને અગ્રપૂજા કહેવાય.

પ્રશ્ન—ભાવપૂજા કોને કહેવાય ?

ઉત્તર—અરિહંત ભગવંતની સ્તુતિ-સ્તવના કરવી તથા તેમનું ધ્યાન ધરવું, તેને ભાવપૂજા કહેવાય.

પ્રશ્ન—અરિહંત ભગવંતનું ધ્યાન શી રીતે ધરાય?

ઉત્તર—તે માટે ખાસ કાયોત્સર્ગ કરવામાં આવે છે અને તેમાં અરિહંત ભગવંતનાં ચૈત્યનું આલંબન (ટેકો) લેવામાં આવે છે.

પ્રશ્ન—આલંબન લેવાનું કારણ શું?

ઉત્તર—આલંબન લેવાથી મન તેના પર સ્થિર થાય છે. જો આલંબન ન લઈએ તો મન તેના પર સ્થિર થતું નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રશ્ન—અરિહંત ભગવંતનાં ચૈત્યનું આલંબન લીધા પછી શું કરવામાં આવે છે ?

ઉત્તર—પ્રથમ તેમનાં વંદનનું નિમિત્ત લઈને ચિત્તને એકાગ્ર કરવામાં આવે છે. પછી તેમનાં પૂજનનું નિમિત્ત લઈને ચિત્તને એકાગ્ર કરવામાં આવે છે. આ રીતે સત્કારનું નિમિત્ત લઈને, સન્માનનું નિમિત્ત લઈને, બોધિલાભનું નિમિત્ત લઈને તથા મોક્ષનું નિમિત્ત લઈને ચિત્તને એકાગ્ર કરવામાં આવે છે અને તેના વડે વંદનાદિથી જે લાભો મળે છે, તે મળે એવી ઇચ્છા રાખવામાં આવે છે.

પ્રશ્ન—જુદા જુદા વિષયોમાં રમવાની ટેવવાળું ચિત્ત એકાગ્ર શી રીતે થાય?

ઉત્તર—જો શ્રદ્ધા કેળવવામાં આવે, સમજણ ( મેધા ) ખીલવવામાં આવે, ધૃતિ ( ચિત્તની સ્વસ્થતા ) રાખવામાં આવે, ધારણાનો અભ્યાસ કરવામાં આવે અને અનુપ્રેક્ષા ( વારંવાર ચિંતન)નો ફરી ફરીને આશ્રય લેવામાં આવે, તો ચિત્ત એક વિષયમાં એકાગ્ર થઈ શકે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૨૦ 'કલ્લાણકંદં' થુઈ

[ પંચજિન સ્તુતિ ]

મૂળ—

( ઉપેન્દ્રવજ્રા )

કલ્લાણકંદં પઢમં જિણિંદં,
સંતિં તઓ નેમિજિણં મુણિંદં ।
પાસં પયાસં સુગુણિક્કઠાણં
ભત્તીઇ વંદે સિરિવદ્ધમાણં ॥૧॥

( ઉપજાતિ )

અપારસંસારસમુદ્દપારં,
પત્તા સિવં દિંતુ સુઇક્કસારં ।
સવ્વે જિણિંદા સુરવિંદવંદા,
કલ્લાણવલ્લીણ વિસાલકંદા ॥૨॥
નિવ્વાણમગ્ગે વરજાણકપ્પં,
પણાસિયાસેયસકુવાઇદપ્પં ।
મયં જિણાણં સરણં બુહાણં,
નમામિ નિચ્ચં તિજગપ્પહાણં ॥૩॥
કુંદિંદુગોખીરતુસારવન્ના,
સરોજહત્થા કમલે નિસન્ના ।
વાઇસરી પુત્થયવગ્ગહત્થા
સુહાય સા અમ્હ સયા પસત્થા ॥૪॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શબ્દાર્થ—**

**કલ્લાણકંદં**–કલ્યાણરૂપી વૃક્ષના મૂળને, કલ્યાણનાં કારણને.
**પઢમં**–પહેલા, આદિ.
**જિણિંદં**–જિનેન્દ્રને, તીર્થંકરને.
**સંતિં**–શ્રીશાન્તિનાથને.
**તઓ**–ત્યાર પછી.
**નેમિજિણં**–નેમિજિનને, શ્રીનેમિનાથને.
**મુણિંદં**–મુનિઓમાં શ્રેષ્ઠ.
**પાસં**–શ્રીપાર્શ્વનાથને.
**પયાસં**–પ્રકાશ સ્વરૂપ.
**સુગુણિક્કઠાણં**–સદ્‌ગુણોનાં એક સ્થાનરૂપ, બધા સદ્‌ગુણો જ્યાં એકત્ર થયા છે તેવા.
**ભત્તીઇ**–ભક્તિથી.
**વંદે**–વંદું છું.
**સિરિવદ્ધમાણં**–શ્રીવર્ધમાનને, શ્રીમહાવીરસ્વામીને.
**અપારસંસારસમુદ્દપારં**–જેનો પાર પામવો મુશ્કેલ છે, એવા સંસાર-સમુદ્રના કિનારાને.
**પત્તા**–પ્રાપ્ત થયેલા.
**સિવં**–કલ્યાણ, મોક્ષપદ.
**દિંતુ**–આપો.
**સુઇક્કસારં**–શ્રુતના એક સારરૂપ, અથવા પવિત્ર વસ્તુઓમાં વિશેષ સારરૂપ.
**સવ્વે**–સર્વ.
**જિણિંદા**–જિનેન્દ્રો.
**સુરવિંદવંદા**–દેવસમૂહોવડે વંદન કરવાને યોગ્ય.
**કલ્લાણવલ્લીણ**–કલ્યાણરૂપી વેલડીઓના.
**વિસાલકંદા**–મોટાં મૂળ સમાન.
**નિવ્વાણમગ્ગે**–નિર્વાણ પ્રાપ્તિના માર્ગમાં.
**વરજાણકપ્પં**–શ્રેષ્ઠ વાહનસમાન.
**પણાસિયાસેસકુવાઇદપ્પં**–જેણે કુવાદીઓનું અભિમાન પૂરેપૂરું નષ્ટ કર્યું છે, જેણે એકાંતવાદીઓના સિદ્ધાંતોને ખોટા સાબીત કરી બતાવ્યા છે.
**મયં**–મત, સિદ્ધાંત, દર્શન.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**જિણાણં**-જિનોનું, અરિહંતોનું.
**સરણં**-શરણરૂપ, આશ્રય લેવાને યોગ્ય.
**બુહાણં**-વિદ્વાનોને.
**નમામિ**-હું નમું છું.
**નિચ્ચં**-નિત્ય, પ્રતિદિન.
**તિજગપ્પહાણં**-ત્રણે જગતમાં શ્રેષ્ઠ.
**કુંદિંદુગોખીરતુસારવન્ના**-મોગરાનું ફૂલ, ચન્દ્રમા, ગાયનું દૂધ અને બરફ જેવા શ્વેત વર્ણવાળી.
**સરોજહત્થા**-હાથમાં કમલને ધારણ કરનારી.
**કમલે**-કમલ ઉપર.
**નિસન્ના**-બેઠેલી.
**વાઇસરી**-વાગીસરી, શ્રુતદેવી, સરસ્વતી.
**પુત્થયવગ્ગહત્થા**-પુસ્તકને હાથમાં ધારણ કરનારી.
**સુહાય**-સુખને માટે થાઓ.
**સા**-તે.
**અમ્હ**-અમારા.
**સયા**-સદા.
**પસત્થા**-પ્રશસ્ત, સર્વ રીતે શ્રેષ્ઠ.

**અર્થસંકલના—**

કલ્યાણના કારણરૂપ પ્રથમતીર્થંકર શ્રીઋષભદેવને, શ્રીશાંતિનાથને, મુનિઓમાં શ્રેષ્ઠ એવા શ્રીનેમિનાથને, પ્રકાશસ્વરૂપ શ્રીપાર્શ્વનાથને તથા સદ્‌ગુણોનાં મુખ્ય સ્થાનરૂપ શ્રીમહાવીરસ્વામીને હું ભક્તિથી વંદન કરું છું. ૧.

જેનો પાર પામવો મુશ્કેલ છે, એવા સંસારસમુદ્રના કિનારાને પ્રાપ્ત થયેલા, દેવસમૂહવડે પણ વંદન કરવાને યોગ્ય કલ્યાણરૂપી વેલડીઓનાં મોટાં મૂળ સમાન એવા સર્વે જિનેન્દ્રો મને શાસ્ત્રના એક સારરૂપ અથવા પવિત્ર વસ્તુઓમાં વિશેષ સારરૂપ મોક્ષ આપો. ૨.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રીજિનેશ્વરદેવે પ્રરૂપેલો સિદ્ધાંત જે નિર્વાણપ્રાપ્તિના માર્ગમાં શ્રેષ્ઠ વાહન સમાન છે, જેણે સઘળા એકાંતવાદીઓના ઘમંડનો નાશ કર્યો છે, જે વિદ્વાનોને પણ આશ્રય લેવાને યોગ્ય છે, તથા જે ત્રણે જગતમાં શ્રેષ્ઠ છે, તેને હું નિત્ય નમું છું. ૩.

મોગરાના ફૂલ, ચંદ્ર, ગાયનું દૂધ અને બરફના સમાન વર્ણવાળી, એક હાથમાં કમલ અને બીજા હાથમાં પુસ્તક ધારણ કરનારી, કમલ પર બેઠેલી અને સર્વ રીતે પ્રશસ્ત એવી વાગીશ્વરી (સરસ્વતી દેવી) સદા અમારા સુખને માટે થાઓ. ૪.

**સૂત્રપરિચય :—**

આ સૂત્રમાં ચાર સ્તુતિઓ છે. તેમાંની પહેલી સ્તુતિમાં શ્રી ઋષભદેવ, શ્રીશાંતિનાથ, શ્રીઅરિષ્ટનેમિ, શ્રીપાર્શ્વનાથ અને શ્રીમહાવીર સ્વામીને ભક્તિપૂર્વક નમસ્કાર કરવામાં આવ્યો છે. બીજી સ્તુતિમાં સર્વ તીર્થંકરોની સ્તુતિ કરવામાં આવી છે. ત્રીજી સ્તુતિમાં શ્રુતજ્ઞાન (દ્વાદશાંગી)ની સ્તુતિ કરવામાં આવી છે અને ચોથી સ્તુતિમાં વાગીશ્વરી (સરસ્વતી)ની સ્તુતિ કરવામાં આવી છે.

ચૈત્યવંદન-દેવવંદનમાં આ સ્તુતિઓ બોલાય છે.

# ૨૧ સામાયિક લેવાનો વિધિ

**સામાયિકમાં જોઈતી વસ્તુઓ—**

૧. શુદ્ધ વસ્ત્ર. ૨. કટાસણું. ૩. મુહપત્તી. ૪. સાપડો. ૫. ધાર્મિક પુસ્તક. ૬. ચરવળો. ૭. ઘડી કે ઘડીયાળ. ૮. નવકારવાળી.

૧. પ્રથમ શુદ્ધ વસ્ત્ર પહેરવાં. પછી—

૨. ચરવળાથી જગા પૂંજીને શુદ્ધ કરવી.

૩. ગુરુનો યોગ ન હોય તો એક ઊંચા આસન ઉપર ધાર્મિક પુસ્તક કે નવકારવાળી મૂકવી. પછી—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪. મુહપત્તી ડાબા હાથમાં રાખીને જમણો હાથ તેની સન્મુખ રાખવો. પછી—

૫. 'નમસ્કારમંત્ર' તથા 'પંચિંદિયસૂત્ર' કહીને તેમાં આચાર્યની સ્થાપના કરવી, એટલે બધી ક્રિયા આચાર્યની સામે તેમની સંમતિથી થાય છે. એમ સમજવું. પછી—

૬. એક 'ખમાસમણુ' દઈને 'ઇરિયાવહી સૂત્ર' કહેવું.

૭. પછી 'તસ્સઉત્તરી' તથા 'અન્નત્થ' સૂત્ર કહી ('ચંદેસુ નિમ્મલયરા' સુધીના) એક લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો. લોગસ્સ ન આવડતો હોય તો ચાર વાર 'નમસ્કારમંત્ર' બોલવો.

૮. કાઉસ્સગ્ગ પારીને પ્રગટ 'લોગસ્સ' બોલી, એક 'ખમાસમણુ' દેવું. પછી—

૯. 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! સામાયિક મુહપત્તી પડિલેહું ?' 'ઇચ્છં' એમ કહીને પચાસ બોલથી મુહપત્તી પડિલેહવી.

૧૦. પછી એક 'ખમાસમણુ' દઈને 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! સામાયિક સંદિસાહું ?' 'ઇચ્છં' એમ કહીને—

૧૧. એક 'ખમાસમણુ' દઈ 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ સામાયિક ઠાઉં ?' 'ઇચ્છં' એમ કહેવું.

૧૨. પછી બે હાથ લલાટે જોડી એકવાર 'નમસ્કારમંત્ર' ગણવો.

૧૩. પછી 'ઇચ્છકારી ભગવન્ ! પસાય કરી સામાયિક દંડક ઉચ્ચરાવોજી !' એમ કહેવું. ત્યારે ગુરુ અથવા વડીલ 'કરેમિભંતે !' સૂત્ર ઉચ્ચરાવે. જો ગુરુ અથવા વડીલ ન હોય તો સામાયિક લેનારે પોતે એ સૂત્ર બોલવું.

૧૪. પછી એક 'ખમાસમણુ' દઇ 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! બેસણે સંદિસાહું ?' 'ઇચ્છં' કહી એક 'ખમાસમણુ' દઈ—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૫. 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! બેસણે ઠાઉં?' 'ઇચ્છં' કહી એક 'ખમાસમણ' દઇ—

૧૬. 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! સજ્ઝાય સંદિસાહું?' 'ઇચ્છં' કહી એક 'ખમાસમણ' દઈ-

૧૭. 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! સજ્ઝાય કરું?' કહી બે હાથ જોડી ત્રણ વાર 'નમસ્કાર મંત્ર' બોલી, બે ઘડી એટલે અડતાલીસ મિનિટ સુધી ધર્મધ્યાન કરવું. (શાસ્ત્રોનો પાઠ લેવો, તેનો અર્થ શીખવો, તે સંબંધી પ્રશ્નોત્તરો કરવા, ધર્મકથા સાંભળવી, અનાનુપૂર્વી ગણવી, માળા ફેરવવી, અરિહંતનો જાપ કરવો કે ધર્મધ્યાનનો અભ્યાસ કરવો. એ ધર્મધ્યાન કહેવાય છે.)

## ૨૨ સામાયિક પારવાનો વિધિ

૧. પ્રથમ એક 'ખમાસમણ' દઇને 'ઇરિયાવહી સૂત્ર' કહેવું.

૨. પછી 'તસ્સઉત્તરી' 'અન્નત્થ' સૂત્ર કહી (ચંદેસુ નિમ્મલયરા સુધી) એક લોગસ્સનો અથવા ચાર નમસ્કારનો કાઉસ્સગ્ગ કરવો. પછી કાઉસ્સગ્ગ પારીને—

૩. પ્રગટ 'લોગસ્સ' કહી એક 'ખમાસમણ' દેવું. પછી—

૪. 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! મુહપત્તી પડિલેહું?' 'ઇચ્છં' એમ કહીને પચાસ બોલથી મુહપત્તી પડિલેહવી.

૫. પછી એક 'ખમાસમણ' દઇને 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! સામાયિક પારું?' 'યથાશક્તિ' એમ કહી.

૬. 'ખમાસમણ' દઇને 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! સામાયિક પાર્યું?' 'તહત્તિ' એમ કહીને—

૭. જમણો હાથ ચરવળા અથવા કટાસણા ઉપર સ્થાપીને એક નમસ્કાર મંત્ર ગણી 'સામાઇવયજુત્તો' સૂત્ર કહેવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૮. પછી જમણો હાથ સવળો રાખી, એક નમસ્કાર મંત્ર ગણી સ્થાપનાચાર્ય યોગ્ય સ્થાને મૂકવા.

ઉપરા–ઉપર બે કે ત્રણ સામાયિક કરી શકાય, તેમાં દરેક વખતે સામાયિક લેવાનો વિધિ કરવો, પરંતુ તેમાં 'સજ્ઝાય કરું' ને બદલે 'સજ્ઝાયમાં છું'' એમ કહેવું, પણ–દરેક વખતે સામાયિક પારવું નહિં. બે સામાયિક કરવાં હોય તો બે પૂરાં થયે અને ત્રણ કરવાં હોય તો ત્રણ પૂરાં થયે, એક વાર પારવું. જો એકી સાથે આઠ–દસ સામાયિક ભેગાં કરવાં હોય તો પણ ત્રણ ત્રણ સામાયિક પૂરાં થયે પારવાં.

## ૨૩ દેવદર્શન તથા ચૈત્યવંદનનો વિધિ

૧. પ્રથમ શુદ્ધ વસ્ત્ર પહેરી એક વાટવામાં ચોખા, બદામ, નૈવેદ્ય વગેરે લઈ દેરાસરે જવું. પ્રથમ દ્વારમાં પ્રવેશ કરતાં 'નિસીહિ' બોલવી. પછી રંગમંડપમાં પ્રવેશ કરતાં બીજી 'નિસીહિ' બોલવી અને જિનેશ્વરની મૂર્તિના દર્શન કરતાં ભાવપૂર્વક સ્તુતિ બોલવી. પછી ત્રણ પ્રદક્ષિણા દઈ ચોખા, બદામ, નૈવેદ્ય વગેરે પરમાત્મા સમક્ષ બાજોઠ ઉપર ચડાવવાં. અને પછી ત્રીજી 'નિસીહિ' બોલી ચૈત્યવંદન કરવું.

૨. પ્રથમ ત્રણ 'ખમાસમણ' દેવાં, પછી ડાબો ઢીંચણ ઉભો રાખી ઉત્તરાસણ નાખી બે હાથ જોડી, 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ચૈત્યવંદન કરું !' 'ઇચ્છં'' કહી––

૩. 'જગચિંતામણિ' ચૈત્યવંદન કહેવું, અથવા 'સકલકુશલવલ્લિ' સ્તુતિ × કહી કોઇ પણ પૂર્વાચાર્યકૃત ચૈત્યવંદન કહેવું.

---

× સકલકુશલવલ્લિપુષ્કરાવર્તમેઘો,
દુરિતતિમિરભાનુઃ કલ્પવૃક્ષોપમાનઃ ।
ભવજલનિધિપોતઃ સર્વસંપત્તિહેતુઃ,
સ ભવતુ સતતં વઃ શ્રેયસે શાન્તિનાથઃ ॥૧॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪. પછી 'જં કિંચિ' કહી 'નમોત્થુ ણં' સૂત્ર કહેવું.

૫. પછી 'જાવંતિ ચેઈઆઈં' સૂત્ર કહી એક 'ખમાસમણુ' દેવું.

૬. પછી 'જાવંત કેવિ સાહૂ' તથા 'નમોઽર્હત્' સૂત્ર કહેવાં.

૭. પછી સ્તવન અથવા 'ઉવસગ્ગહરં' સ્તોત્ર કહેવું.

૮. પછી બે હાથ મસ્તકે ધરી 'જયવીયરાય' સૂત્ર 'આભવમખંડા' સુધી કહેવું, પછી બે હાથ નીચા ઉતારી બાકીનું 'જયવીયરાય' સૂત્ર પૂરું કરવું.

૯. પછી ઉભા થઇ 'અરિહંતચેઈયાણં' સૂત્ર કહી 'અન્નત્થ' સૂત્ર કહી એક નમસ્કારનો કાઉસ્સગ્ગ કરવો.

૧૦. પછી કાઉસ્સગ્ગ પારીને 'નમોઽર્હત્' સૂત્ર કહીને થોય કહેવી. પછી એક 'ખમાસમણ' દેવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# અમારાં પ્રકાશનો

| | | |
|---|---|---|
| | ૧ શ્રી પ્રતિક્રમણસૂત્ર પ્રબોધટીકા ભાગ ૧ લો | ૫–૦૦ |
| * | ૨ શ્રી પ્રતિક્રમણસૂત્ર પ્રબોધટીકા ભાગ ૨ જો | ૫–૦૦ |
| | ૩ શ્રી પ્રતિક્રમણસૂત્ર પ્રબોધટીકા ભાગ ૩ જો | ૫–૦૦ |
| * | ૪ પ્રતિક્રમણની પવિત્રતા | ૦–૩૭ |
| * | ૫ શ્રી પંચપ્રતિક્રમણસૂત્ર (પ્રબોધટીકાનુસારી–ગુજરાતી) | ૨–૦૦ |
| * | ૬ શ્રી પંચપ્રતિક્રમણસૂત્ર (પ્રબોધટીકાનુસારી–હિંદી) | ૨–૦૦ |
| | ૭ સચિત્ર સાર્થ સામાયિક ચૈત્યવંદન (બીજી આવૃત્તિ) | ૧–૦૦ |
| | ૮ યોગપ્રદીપ | ૧–૫૦ |
| | ૯ તત્ત્વાનુશાસન | ૧–૦૦ |
| * | ૧૦ ધ્યાનવિચાર (સચિત્ર) | અમૂલ્ય |
| * | ૧૧ નમસ્કારસ્વાધ્યાય (સચિત્ર) (પ્રાકૃત વિભાગ) | ૨૦–૦૦ |
| | ૧૨ ઋષિમંડલસ્તવયંત્રાલેખન | ૩–૦૦ |
| | ૧૩ ઋષિમંડલયંત્ર (ત્રિરંગી આર્ટપેપર ઉપર) | ૧–૦૦ |
| | ૧૪ નમસ્કારસ્વાધ્યાય (સચિત્ર) (સંસ્કૃત વિભાગ) | ૧૫–૦૦ |
| | 15 A Comparative Study of The Jain Theories of Reality and Knowledge | 15–00 |
| | ૧૬ સર્વસિદ્ધાન્તપ્રવેશક | ૧–૦૦ |
| | ૧૭ જિનસ્નાત્રવિધિ તથા અર્હદભિષેકવિધિ | ૨–૦૦ |
| * | ૧૮ લોગસ્સસૂત્ર સ્વાધ્યાય | ૭–૦૦ |
| | ૧૯ યોગસાર | ૨–૦૦ |
| | 20 Praman-naya-Tattvalokalamkar (With English Transletion) | 20-00 |

* આ નિશાનીવાળા ગ્રંથો અપ્રાપ્ય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# છપાનાર ગ્રંથો

૧ સૂરિમંત્રકલ્પસમુચ્ચય ભાગ ૧ લો


૨ યોગશાસ્ત્રના અષ્ટમ પ્રકાશનું સવિસ્તર વિવરણ

૩ શ્રી પંચપ્રતિક્રમણસૂત્ર (પ્રબોધટીકાનુસારી-હિંદી) (બીજી આવૃત્તિ)

4 Nyayavatar AND Nayakarnika with engish Transletion

૫ સામ્યશતક તથા સમતાશતક

૬ શત્રુંજય ધાતુપ્રતિમાલેખસંગ્રહ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org